

## 'ક્રાઈસ્ટના જેવું મૃત્યુ'

તે સમયે મા પ્રયાગના અર્ધકુંભમાં હતાં. પોતાની કુટિરમાં વિશ્રામ કરી રહ્યાં હતાં. ત્યાં આવીને કહ્યું : 'રેડિયોમાં ખબર આવ્યા છે કે ગોડસે નામના યુવાને ત્રણ ગોળીઓ છોડી ને તેથી ગાંધીજીનું મૃત્યુ'

ત્યારે માએ કહ્યું : 'ક્રાઈસ્ટના જેવું મૃત્યું થયું.'

આ સમાચારથી આખાયે કુંભમેળામાં સ્મશાનવત્ શાંતિ ફેલાઈ ગઈ. બધા લોકો આઘાતથી મૂઢ બની ગયા. કેટલાક તો રડવા લાગ્યા. શોકની ઘેરી છાયા સમગ્ર કુંભમેળામાં ફરી વળી. માએ રાત્રે જવાહરલાલજી અને સરદાર પટેલનાં રેડિયો પરનાં ભાષણો પણ સાંભળ્યા, બીજે દિવસે માને ત્યાં બધાએ ઉપવાસ રાખ્યો.

માએ સર્વ પાસે જપ કરાવ્યા. ને સાંજે પાંચ વાગે બસ્સો સાધુઓને જમાડ્યા. આ વિશે માએ કહ્યું. "શ્રીકૃષ્ણે હિંસાને સર્વાંગ આલિંગન આપતાં આપતાં શરીર છોડ્યું. હિંસાથી પણ હિંસા ન કરી. ગાંધીજીએ પણ હિંસાવૃત્તિ ઉપર અહિંસાવૃત્તિનો વિજય કર્યો. શાંતભાવથી 'રામ, રામ' કરતાં હાથ જોડીને ચાલ્યા ગયા."

એ પછી પણ એક વાર્તાલાપમાં આ વિશે પ્રશ્ન પૂછતાં કહ્યું હતું : "ગાંધીએ પોતાના પ્રાણોનું બલિદાન આપી દીધું. હવે લોકોમાં એકતાનો ભાવ ઉત્પન્ન થવો જોઈએ. જિંદગીની છેલ્લી ક્ષણ સુધી ગાંધીજી જગત સમક્ષ આ આદર્શ રજૂ કરતા રહ્યા. ગાંધીજીના અવસાનથી સારું થયું કે ખરાબ એ વિશે આ શરીર કંઈ કહેશે નહીં." મા સૂક્ષ્મ રીતે ગાંધીજીના કાર્ય સાથે સંકળાયેલાં હતાં. ભલે તેમણે તેમની સાથે આધ્યાત્મિક વાર્તાલાપો નહોતા કર્યા કે વધારે વખત તેમને પ્રત્યક્ષ નહોતાં મળ્યાં. છતાં મા આંતરિક રીતે ગાંધીજી સાથે સંકળાયેલાં હતાં, કેમ કે, તેમણે પોતે જ કહ્યું હતું : "આ બાળકી સદાય પિતાજી પાસે જ રહેલી છે."





## નહેરુ સાથે મુલાકાત

તે સમયે દહેરાદૂનમાં કિસનપુર આશ્રમમાં ઉત્સવ હતો. આ ઉત્સવમાં માનાં દર્શન કરવા માટે પંડિત નહેરુ, સરદાર પટેલ, ઇંદિરાજી અને મણિબહેન આવ્યાં હતાં. સભામંડપમાં હાજરી આપી બધાં માનાં દર્શને ગયાં. પ્રણામ કરી બધાં મા પાસે બેઠાં. નહેરુજીએ પૂછ્યું :

"મા, આપના આશ્રમના પ્રવેશદ્વાર પર લખ્યું છે : "શરીર, મન અને વાણીમાં શાંતિને સ્થિર કરો અને તમે 'તે' છો તેવું જાણો. મા, આમાં લખ્યા પ્રમાણેની શાંતિ કેવી રીતે મળે ? શું એ શક્ય છે ખરું ?"

માએ એ શાંતિ પ્રાપ્ત કરવાની ચાવી પણ બતાવી. પછી માએ કમલા નહેરુનો ઉલ્લેખ કરી કહ્યું : "તમારાં કમલા નહેરુએ તો આ શરીરને પોતાની નાની દીકરી બનાવી હતી. એની ઉત્કટ ઇચ્છા હતી. વર્ષ પછી કમલાજીની ઇચ્છા પૂરી થઈ ગઈ છે. આજે પિતાજી આ નાની દીકરીનાં દર્શને આવ્યા. પિતાજી, તમે આ નાની બાલિકાને સ્વીકારશો કે નહીં ? આ બાલિકા બધા પુરુષોને 'પિતાજી' અને સ્ત્રીઓને 'માતાજી' કહી સંબોધે છે. નાનાં બાળકોને 'મિત્ર' માને છે."

નહેરુજીએ માની ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ વિશે કમલાજી પાસેથી સાંભળ્યું તો હતું. પણ આજે માનાં પ્રત્યક્ષ દર્શન કરતાં તેમને થયું કે આધ્યાત્મિકતામાં આ અજોડ છે. મા આનંદ અને શાંતિનું અન્યમાં સંક્રમણ કરી શકે છે. એનો અનુભવ પણ કર્યો. પછી માને સત્સંગમાં જવાનું થયું, એટલે બધા સત્સંગમાં આવ્યા.

નહેરુજી તો મંચ પર માની બાજુમાં જ બેઠા. માને કહ્યું : 'મા, અમારે અહીંથી થોડી જ વારમાં નીકળવું પડશે.'

માએ મસ્તક હલાવી સંમતિ આપી, ત્યાં નહેરુના મનમાં એક પ્રશ્ન ઉદ્ભવ્યો. પૂછ્યું : "મા, આપે સુભાષબાબુને કલકત્તામાં દક્ષિણેશ્વરમાં કહ્યું હતું કે, "તમે પોતાની ભીતરના દેશની સેવા કરો." એનો શો અર્થ છે એ હું સમજી શક્યો નથી."

માએ કહ્યું : "શરીરની અંદર દેશ ન હોય તો બહારના દેશની સેવા શી રીતે થઈ શકે ? દેશની સેવા કરવી એ સારું છે. કોઈ પોતાના કુટુંબની સેવા કરે

છે, કોઈ દેશની. કેટલાક માણસો એવા પણ હોય છે કે જે માત્ર દેશની સેવા કરવા જ જન્મ લે છે.'' માનો આ ઉત્તર મેળવીને વિદાય થયા ત્યારે લાગ્યું કે મા સાથે તેમને આંતરિક રીતે ગાઢ સંબંધ રહેલો છે.

પછી ફરી એકવાર સંસ્કૃત વિદ્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે નહેરુજી હૃષિકેશમાં સપ્તર્ષિ આશ્રમમાં આવ્યા હતા ત્યારે તેમને મળવાની માને તક મળી હતી. મંચ ઉપર મા પાસે જ બેઠા હતા.

માએ પૂછ્યું : ''પિતાજીને અહીં આવવાનો સમય નહીં મળતો હોય !''

''હા મા, અહીં આવવાનો બિલકુલ સમય મળતો નથી. પણ દિલ્હીમાં આપને મળવા જરૂર પ્રયત્ન કરીશ.''

''દિલ્હીમાં પણ આશ્રમ છે.'' ''ક્યાં આગળ ?''

''કાલકાજીમાં. દિલ્હીથી લગભગ દસ માઈલ દૂર. પિતાજીના નિવાસસ્થાનથી એ કેટલે દૂર છે તેની ખબર નથી.''

''આપ દિલ્હી આશ્રમમાં આવો છો ?'' ''હા.''

''તો તો દિલ્હીમાં જ આપનાં દર્શન કરી શકીશ.'' એ પછી નહેરુજી જવા ઊભા થયા ત્યારે માએ ફૂલોનો હાર આપ્યો અને ફળો આપ્યાં. તેમણે પ્રસાદીરૂપે સ્વીકાર કર્યો. નહેરુજીના પ્રાઈવેટ સેક્રેટરી જતી વખતે પાછા માની રજા લેવા આવ્યા ત્યારે માએ કહેવડાવ્યું કે, ''પિતાજીને કહેજો, કે આ શરીર એમની પાસે એટલા માટે આવતું નથી કે એમને સમય નથી. કરોડો લોકોના એ પ્રધાનમંત્રી છે. લાખો લોકોની એમના પર દૃષ્ટિ છે. લાખો લોકોનાં કામો કરવાનાં છે. પણ તમે એમને એટલું કહેજો કે સમય મળે તો ચૂપચાપ અહીં ચાલ્યા આવે.''

નહેરુજીના અંતરમાં સત્ત્વને પામવાની ઝંખનાને મા જાણી ગયાં હતાં. આમ તો કમલા નહેરુ દ્વારા નહેરુજી સાથે માનો પરોક્ષ સંબંધ તો હતો જ. એટલે જ મા એવું ઇચ્છતાં હતાં કે ક્યારેક ચૂપચાપ મા પાસે આવીને નહેરુજી સાચી શાંતિ પ્રાપ્ત કરે ને સાચો (આત્માનો) આનંદ મેળવે. ઇચ્છા હોવા છતાંય, નહેરુજી સમય મેળવી શક્યા નહીં.

ફરી એક વાર કાર્યક્રમ અંગે મસૂરી જવાનું થયું ત્યારે ઇચ્છા હતી કે મા પાસે દહેરાદૂન પણ જઈ આવું. પરંતુ ત્યાં કાર્યક્રમ એટલો લાંબો ચાલ્યો કે સમય જ ન મળ્યો. પરંતુ માને પ્રણામ પહોંચાડવા ગુલછડી સાથે ખાસ માણસને દહેરાદૂન મોકલ્યો હતો. મા જાણતાં હતાં કે નહેરુજીને દેશનું ખૂબ કામ કરવાનું છે. પણ તેઓ એમ પણ ઇચ્છતાં હતાં કે નહેરુજી ભીતરના દેશનું પણ કામ કરે. પરંતુ એ માટે નહેરુજીને ક્યારેય સમય મળ્યો નહીં.





## 'એક અખંડ ક્ષણ આપો !'

તે સમયે ખૂબ કામ રહેતું હોવાથી નહેરુજીને આરામ મળતો જ ન હતો. મનને સખત પરિશ્રમ પડતો હોવાથી પછી રાત્રે ઊંઘ પણ આવતી ન હતી. તબિયત પણ અસ્વસ્થ રહ્યા કરતી હતી. એ દરમિયાન દહેરાદૂન જવાનું થયું. તેઓ ગમે તેમ સમય કાઢીને આશ્રમમાં મા પાસે પહોંચી ગયા. માને પ્રણામ કરી, આશીર્વાદ મેળવ્યા પછી, માએ પૂછ્યું : ''કેમ, બધું બરાબર ચાલે છે ને ?''

ત્યારે કહ્યું : ''મા, બરાબર ઊંઘ આવતી નથી. એવો કંઈક ઉપાય સૂચવો કે ગાઢ ઊંઘ આવી જાય.''

'અખંડ ક્ષણની જરૂર છે.'

''મા, અખંડ ક્ષણ એટલે શું એ સમજાવો.''

''અખંડ ક્ષણ એટલે એવી ક્ષણ કે એ ક્ષણમાં કેવળ તમે રહેશો. ન દેશના વડાપ્રધાન, ન કૉંગ્રેસના નેતા કે ન ઇંદિરાજીના પિતા. ફક્ત તમે જ હો. ત્યારે તમારા આ બધા હોદ્દાઓને બાજુમાં મૂકી દેશો. એ ક્ષણમાં તમે દેશની, કુટુંબની કે અન્ય કોઈની કોઈ જ ચિંતા નહીં કરો. એવી એક ક્ષણ મને આપો. એ ક્ષણે દેશની ચિંતા કરવા માંડશો તો એ ક્ષણ પણ ખંડિત થઈ જશે. એવી ખંડિત ક્ષણ મને ન જોઈએ. મને તો એક અખંડ ક્ષણની જરૂર છે અને એ પણ ચોક્કસ સમયે. પછી ભલે એ સમય રાત્રિનો બાર વાગ્યાનો હોય કે બે વાગ્યાનો હોય કે પછી દિવસના બે કે પાંચ વાગ્યાનો હોય. ચોવીસ કલાકમાંથી ગમે તે સમય કેમ ન હોય ! તમને અનુકૂળ હોય તે સમય આપો. પણ દરરોજ એ ક્ષણ, એ સમય મને મળવો જોઈએ.''

માની વાત સાંભળીને નહેરુજી ગંભીર વિચારમાં પડી ગયા. પછી બોલ્યા : ''મા, અખંડ ક્ષણ તો આપી શકું, પણ ચોક્કસ સમયનું પાલન નહીં થઈ શકે; કેમ કે, મારો સમય 'મારો પોતાનો' છે જ નહિ.''

''ના, એમાં કોઈ બાંધછોડ ન ચાલે. તમારે નિશ્ચિત સમય જ આપવો જોઈએ. દરરોજ ચોક્કસ સમયની ક્ષણ જોઈએ. જેમ વડનું બી એક જ હોય ને તેમાંથી

અનંત બીજ નીપજે છે, ધરતીના પેટાળમાં પડેલા અન્નના એક દાણામાંથી અસંખ્ય દાણા સર્જાય છે તેમ, એક ક્ષણ આપશો તો જોશો કે, તેમાંથી સમયની અનંત ક્ષણો જન્મશે. પ્રભુના હાથમાં છે એ પ્રભુ કરશે.''

''ના મા, ચોક્કસ સમય નહીં આપી શકું. આટલાં બધાં કામોમાં યાદ આવશે ત્યારે દિવસના કે રાતના ગમે ત્યારે એક અખંડ ક્ષણ તમને આપીશ, પણ એ ચોક્કસ સમયની નહીં હોય.''

વાત સાંભળીને મા ગંભીર થઈ બોલી ઊઠ્યાં :

''પિતાજી, તો ઉપાય નહીં થઈ શકે, ઉપાય નહીં થઈ શકે.''

આમ દેશના કાર્યને સંપૂર્ણ સમર્પિત નહેરુજીએ આત્મકલ્યાણ અને આત્મોદ્ધાર માટેનો ઉપાય સામે જ હોવા છતાં ત્યજી દીધો.

અને...તે છતાંય માની કૃપા તો એમના ઉપર વરસતી જ રહી હતી.

**જેણે વિશ્વનું સર્જન કર્યું છે, તે પોતે જ બધા પદાર્થોમાં બધી પરિસ્થિતિઓમાં અને બધા સંજોગોમાં હજરાહજુર જ છે. કર્મ પણ તે પોતે છે અને તેના પરિણામનું કારણ (કર્મફળ) પણ તે પોતે જ છે. વળી કર્મનો કર્તા પણ ખરેખર તે જ છે. આ વાસ્તવિકતાને જાણવા યોગીઓએ અને ઋષિઓએ યોગ અને તપસ્યાનું આચરણ કર્યું છે. 'તે' પોતે એક જ નામ અને મંત્ર તરીકે દેખાય છે, તેની ઉપસ્થિતિ અને તેનું સંસ્મરણ સતત જાળવી રાખવું જોઈએ.**

**– 'શ્રી શ્રી મા'**





# માના સાન્નિધ્યમાં

નહેરુજીએ માને મુખે દિલ્હી આશ્રમની વાત સાંભળી ત્યારથી એ આશ્રમની મુલાકાત લેવાની તેમની ઇચ્છા હતી. પણ એ માટેય સમય કાઢી શકતા ન હતા.

એક વખત આશ્રમમાં સમાચાર પુછાવ્યા કે, મા આશ્રમમાં હોય તો માના દર્શને આવવા ઇચ્છા છે. સદ્‌ભાગ્યે મા ત્યાં જ હતાં. બીજે દિવસે આશ્રમમાં આવવાનું ગોઠવ્યું. પણ અચાનક કામ આવી જતાં ન જઈ શક્યા. એ પછીના દિવસે પોતાના પ્રાઈવેટ સેક્રેટરી ઉપાધ્યાયની સાથે માના આશ્રમમાં આવી પહોંચ્યા.

આશ્રમના દ્વાર પર પુષ્પમાળાઓથી સ્વાગત કરવામાં આવ્યું.

આશ્રમમાં ભજન-કીર્તનના સૂરો ગુંજી રહ્યા હતા.

આ પવિત્ર ને મધુર વાતાવરણમાં દિવ્ય દુનિયાનો અનુભવ કરી રહ્યા.

તેમને માના ઓરડામાં લઈ જવામાં આવ્યા. ત્યાં લગભગ પિસ્તાલીસ મિનિટ સુધી મા પાસે એકાંતમાં વાતો કરી. તેઓ તો હજુ પણ વધારે રોકાત, પણ તેમને ખબર પડી કે મા વિંધ્યાચળ જવાનાં છે, અને તેમનો જવાનો સમય થઈ ગયો છે, તેથી ઊભા થઈ ગયા, ત્યારે માએ રુદ્રાક્ષની અને તુલસીની એક એક માળા તેમના ગળામાં પહેરાવી દીધી. તેમણે એ માળાઓનો ખૂબ પ્રેમપૂર્વક સ્વીકાર કર્યો. પછી એ માળા હાથમાં વિંટાળી લીધી. તેઓ ઓરડામાંથી બહાર નીકળ્યા તો સેક્રેટરીએ મા સાથે ફોટો પડાવવા તેમને ને માને ઊભા રાખ્યાં. તે વખતે સેક્રેટરીએ નહેરુજીના હાથમાં રહેલી એ માળા પોતાને આપી દેવા કહ્યું, પણ નહેરુજીએ કહ્યું કે, એ માળા તો મારા જ હાથમાં રહેશે. માની સાથેના નહેરુજીના એ ફોટામાં બંને માળાઓ નહેરુજીના હાથમાં વિંટાળેલી છે. તેઓ ઊંડા ભાવમાં ડૂબેલા છે. માની પ્રસાદી રૂપે મળેલી આ માળાઓ હંમેશાં ઓશીકા નીચે રાખતા. માએ તેમને કમલાનહેરુને આપેલી રુદ્રાક્ષની માળા અને સોનાના કડાની યાદ અપાવી હતી, તો તેમણે અલ્હાબાદના ઘરમાં રહેલી કમલાજીની પેટીમાંથી આ બંને વસ્તુઓ કઢાવીને પોતાની પાસે જ રાખી હતી. પોતાના સૂવાના ઓરડામાં માની કૃપાપ્રસાદીરૂપ આ વસ્તુઓ કાયમ રાખી હતી.

૧૯૬૪ના જાન્યુ.માં એમના પર અચાનક પક્ષઘાતનો હુમલો થયો. પથારીવશ બની ગયા. આ સમય દરમિયાન માના દર્શન કરવાની ખૂબ જ ઇચ્છા થતી હતી.

પણ આશ્રમ સુધી જઈ શકે તેમ નહોતા. આથી ઈંદિરાજીને કહ્યું : "ગમે તેમ કરી માને એક વાર અહીં લઈ આવ."

મા દિલ્હી આશ્રમમાં આવ્યાં ત્યારે ઈંદિરાજી મા પાસે ગયાં ને માને પ્રાર્થના કરી નહેરુજીની પરિસ્થિતિ જણાવી, તેમને દર્શન આપવા તીનમૂર્તિભવન આવવા વિનંતિ કરી. ત્યારે માએ કહ્યું : "ચાલો, આ શરીર ત્યાં આવે છે." ઈંદિરાજીની મોટરમાં જ મા તીનમૂર્તિભવન આવી પહોંચ્યાં. નહેરુજી માને પ્રણામ કરતા ગદ્ગદિત થઈ ગયા.

તેમણે આશીર્વાદ માગ્યા ને કહ્યું : "મા, ખૂબ જ કમજોર થઈ ગયો છું. આ સ્થિતિમાં શું કરું ?"

"હાલ પૂરતું બધું છોડીને બુદ્ધના તપસ્યા સ્થલ રાજગિરિના અમારા આશ્રમમાં જાઓ. ત્યાં થોડા મહિના રહી સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી પછી રાજ કરો."

પણ દેશની એ સમયની પરિસ્થિતિ જોતાં દિલ્હી છોડીને નહેરુ બહાર જઈ શકે તેમ નહોતા. રાજકારોબારથી થોડા સમય માટેય અલગ થઈ શક્યા નહીં. તે સમયે માએ ઘણી આધ્યાત્મિક વાતો કરી.

માની હાજરીથી જ એમને ખૂબ શાંતિ મળી.

નહેરુજીને આશીર્વાદ આપી મા પાછા આશ્રમમાં આવી પહોંચ્યા.

થોડા સમય માટે પણ, પ્રવૃત્તિઓ છોડી, આરામ લેવા નહેરુજી અન્યત્ર જઈ શક્યા નહીં. પછી એકાએક બધું જ છોડીને ૨૭મી મે ૧૯૬૪ના રોજ અનંતની યાત્રાએ ચાલી નીકળ્યા.

માને આ સમાચાર અપાયા ત્યારે કંઈ જ બોલ્યા નહીં, ઊંડા મૌનમાં ઊતરી ગયાં. બધી જ પ્રવૃત્તિઓ બંધ રાખી દીધી અને થોડા કલાક સમાધિમાં રહ્યાં.

પછી નહેરુજીને અંજલિ આપતાં કહ્યું, "જેમ વીર પુરુષ યુદ્ધ કરતાં કરતાં પ્રાણ ત્યજે છે એ જ રીતે જવાહરલાલજીએ કર્મ કરતાં કરતાં છેલ્લો શ્વાસ મૂક્યો. અસ્વસ્થ થઈને પથારીમાં પડ્યા ન રહ્યાં."

'આ શરીર આગળ ઈંદિરા ન જાણે કેટલીયે વાર કહી ચૂકી છે કે, 'પિતાજી બિલકુલ સાંભળતા નથી. થોડોક પણ આરામ કરતા નથી."

નહેરુજીની સ્મશાનયાત્રાનો નજરનીરખ્યો અહેવાલ માએ રેડિયો પરથી થોડો સાંભળ્યો. પછી ઓરડામાં ચાલ્યા ગયાં.

નહેરુજીની અંતિમ ક્રિયા વખતે મા ઓરડો બંધ કરીને પડ્યાં રહ્યાં.

તે સમયે તેમણે સૂક્ષ્મમાં શી ક્રિયાઓ કરી તે તો તેઓ જ જાણે !





## મા રાષ્ટ્રપતિ-ભવનમાં

મા વર્ધા ગયાં ત્યારે ત્યાં ડૉ. રાજેન્દ્રપ્રસાદ પણ મળ્યા હતા.

માની આધ્યાત્મિકતાનો ઊંડો પ્રભાવ તેમના પર પડ્યો હતો.

એ પછી તો તેઓ બધાં સ્વાતંત્ર્ય-સંગ્રામમાં ખૂબ વ્યસ્ત બની ગયા અને માનાં દર્શનની તક મળી નહીં. પણ પછી તેઓ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા. માને એકવાર રાષ્ટ્રપતિભવનમાં લાવવાની તેમની તીવ્ર ઇચ્છા હતી. પણ સંયોગો સાનુકૂળ બનતા નહોતા. આખરે એ સુયોગ પણ સાંપડ્યો. મા દિલ્હીમાં હતાં અને રાષ્ટ્રપતિભવનમાં આવવા આમંત્રણ મોકલ્યું. અનુકૂળતા હોતાં મા ભક્તોની સાથે આવી પહોંચ્યાં. મા સાથે હરિબાબા, ટેહરીના મહારાજા-મહારાણી, મંડીના મહારાજા, સોલનના મહારાજ, ડૉ. પન્નાલાલ વગેરે હતા. તે દિવસે રાજેન્દ્રબાબુની તબિયત અસ્વસ્થ હતી એટલે તેઓ નીચે આવ્યા ન હતા, પણ બધાંને ઓરડામાં ઉપર બોલાવ્યાં હતાં. રાષ્ટ્રપતિએ પૂજાના ઓરડામાં માનું સ્વાગત કરી પ્રાર્થના કરી : 'મા, આપ આશીર્વાદ આપો કે ભગવાન પ્રત્યે મારી ભક્તિ અવિરત બની રહે.'

માના આશીર્વાદ મેળવી તેઓ કૃતાર્થતા અનુભવવા લાગ્યા. રાષ્ટ્રપતિના સઘળાં પરિવારજનો પણ માનાં દર્શન ને સત્સંગ માટે ત્યાં એકત્ર થયાં હતાં. તેમનાં વૃદ્ધ મોટાં બહેન તો માનાં દર્શનથી એટલાં બધાં વિભોર બની ગયાં કે તેઓ તો માને છોડતાં જ નહોતાં. પહેલી જ વાર માને મળતાં હતાં, છતાં મા પ્રત્યેનું આકર્ષણ જોઈને બધાં અચંબામાં પડી ગયાં હતાં. પણ તેમણે તો માની અંદર સમગ્ર બ્રહ્માંડનું સંચાલન કરી રહેલી સમર્થ શક્તિને નિહાળી. પછી માને કેવી રીતે છોડી શકે ?

રાષ્ટ્રપતિ ભવનમાંથી મા પાછા ફર્યાં, પણ રાષ્ટ્રપતિનાં વૃદ્ધ બહેનના અંતરમાં હલચલ મચાવી ગયાં. તેઓ તો બીજે જ દિવસે મા પાસે પહોંચી ગયા. માને વારંવાર વિનંતિ કરવા લાગ્યાં કે, મા, આપ એકવખત રાષ્ટ્રપતિભવન આવીને ભોગ ગ્રહણ કરો. તે સમયે તો માએ વિનંતિનો અસ્વીકાર કર્યો, પણ પછી રાષ્ટ્રપતિએ ખાસ માણસને મા પાસે મોકલ્યા ને રાષ્ટ્રપતિભવનમાં ભોગ સ્વીકારવા પ્રાર્થના પણ કરી. એટલે પછી માએ વિનંતિ સ્વીકારી લીધી. તે માટેનો દિવસ નક્કી કરાયો. તે દિવસે માના ભોગ માટેની વ્યવસ્થા માટે આશ્રમ તરફથી બ્રહ્મચારી કુસુમ અને ભારદ્વાજને

મોકલવામાં આવ્યાં. રાષ્ટ્રપતિ-ભવનમાં મોગલ ગાર્ડનમાં મા માટે એક અલગ મંડપ ઊભો કરાયો હતો. મા અને તેમની સાથે સંન્યાસીઓનું વૃંદ યથાસમયે આવી પહોંચ્યું. પુષ્પોથી માનું સ્વાગત કરાયું. માને ચારે બાજુ ફેરવીને મોગલ ગાર્ડન બતાવાયો. એ જોઈને માએ કહ્યું : "ખૂબ શાંત સ્થળ છે. જાણે ચકલીઓનો અવાજ પણ સંભળાતો નથી. એકાંતવાસ થઈ ગયો."

મા રાષ્ટ્રપતિભવનમાં આવ્યાં ત્યારથી વૃદ્ધભગિની માની સાથે જ રહ્યાં હતાં. માના આગમનનો આનંદ એમના ચહેરા ઉપરથી નીતરી રહ્યો હતો. માની સેવામાં તેઓ તો હતાં જ. પણ રાષ્ટ્રપતિના બે એ.ડી.સી.ઓ પણ ખડે પગે હાજર હતા, જેથી માને કંઈ વસ્તુની ક્યારે જરૂર પડે તે માટે તેઓ સતર્ક હતા. બધી જ સગવડ સચવાય ને કોઈ જાતની તકલીફ ન પડે એ માટેનો તમામ પ્રબંધ રાષ્ટ્રપતિ તરફથી કરાયો હતો. ઓફિસમાં એકાએક કામ આવી જતાં રાજેન્દ્રબાબુ ભોજન સમયે હાજર રહી શક્યા નહીં. પણ પછી મા પાસે આવી પહોંચ્યા હતા. બધો જ વખત હાજર રહ્યા હતા. માને વળાવવા જાતે મોટર સુધી ગયા હતા. હાથ જોડી ક્ષમા પ્રાર્થતા કહ્યું : "મા, મારાં બહેનની ઉત્કટ ઇચ્છા હતી કે આપી અહીં ભોગ ગ્રહણ કરો. મેં તો એમને કહેલું કે માના ભોગને યોગ્ય સ્થળ અહીં ક્યાં છે તે આપણે તેમને બોલાવીએ ! તોપણ આપ કૃપા કરીને અમારે ત્યાં આવ્યા એ અમારું સદ્‌ભાગ્ય છે."

માની મોટર ઊપડી નહીં ત્યાં સુધી રાજેન્દ્રબાબુ હાથ જોડી ઊભા રહ્યા.

આવી વિનમ્રતા જોઈ માનું ભક્તવૃંદ પણ મુગ્ધ થઈ ગયું.

એ પછી મુંબઈના ગવર્નર શ્રીપ્રકાશ સાથે માને પૂનામાં રાજેન્દ્રબાબુ મળ્યા હતા. ત્યારે બંનેએ માની સાથે આધ્યાત્મિક બાબતો પર ચર્ચા કરી હતી. શ્રીપ્રકાશે માને પૂછ્યું : "મા, અમારાં વ્યાવહારિક જીવનમાં બધી જાતનાં છળકપટ, ચાતુરી અમે જોઈએ છીએ. પણ એની સાથે આધ્યાત્મિક જીવનનો સુમેળ કેવી રીતે સાધી શકાય ?"

ઉત્તરમાં દૃષ્ટાંત આપી માએ સમજાવ્યું : 'પાયો પાકો ન હોય તો ઇમારત કાચી રહે છે તેમ, મનુષ્ય જીવનમાં પ્રથમ આશ્રમ દૃઢ ન થાય તો બધા વિરોધી અસર કરી જાય છે.'

એ પછી માએ ઘણી આધ્યાત્મિક બાબતોની સમજ આપી.

રાજેન્દ્રબાબુએ પૂછ્યું :

"મા, આધ્યાત્મિક જીવનમાં રુચિ અને નિષ્ઠા કેવી રીતે મળે ?"

"પિતાજી, અભ્યાસયોગ દ્વારા જ આ માર્ગમાં રુચિ અને નિષ્ઠા આવે છે." મા પાસેથી આધ્યાત્મિક માર્ગદર્શન મેળવવામાં લગભગ એક કલાક જેટલો સમય વીતી ગયો તેની ખબર પણ ન પડી.



આમ તો આવ્યા હતા ફક્ત પંદર મિનિટ માટે જ, પણ મા પાસે એક કલાક રોકાઈ ગયા. આ હતી રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદની મા સાથેની બીજી મુલાકાત. આ મુલાકાતમાં મા પાસેથી આધ્યાત્મિક પાથેય મેળવી ખૂબ સંતુષ્ટ હતા.

**આ શરીર કંઈ તમારા પ્રશ્નોના ઉત્તરો આપવા અહીં બેઠું નથી. પારમાર્થિક દૃષ્ટિએ, આ શરીર 'અન્ય' સાથે રહેતું નથી. અથવા 'અન્યે' દીધેલ કશું ખાતું કે પહેરતું નથી કે 'અન્ય'ના ઘરમાં પણ જતું નથી; 'અન્ય' સાથે વાતચીત પણ કરતું નથી. તો વળી બીજા દૃષ્ટિકોણથી કહેતાં, આ શરીર જાણે કે પોતાનાં માતાઓ, પિતાઓ અને મિત્રો સાથે વાતો કરે છે. આ શરીર માટે વાત કે ભાષણ કરવાનું થતું નથી. તમે જેવો ઘંટ વગાડશો, તેવો અવાજ તમે સાંભળશો.**

**– 'શ્રી શ્રી મા'**



## મા હૉસ્પિટલમાં

તે સમયે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ પ્રેસીડેન્સી હૉસ્પિટલમાં હતા. તેમને ઑપરેશન કરાયું હતું. ઓપરેશન થયું તે દિવસે જ માને અચાનક 'ખ્યાલ' આવ્યો કે તેમણે ડૉ. રાધાકૃષ્ણનને જોવા હૉસ્પિટલમાં જવું. 'ખ્યાલ' આવતાં જ ત્યાં પહોંચી ગયાં. પણ ત્યારે હજુ રાધાકૃષ્ણન્ ભાનમાં આવ્યા નહોતા. ઓરડામાં કોઈનેય જવા દેવાતા નહોતા. પણ મા તો અંતઃપ્રેરણાથી આવી પહોંચ્યાં હતાં. એટલે અંદર જવાની વ્યવસ્થા પણ સહજની રીતે જ ગોઠવાઈ ગઈ. ડૉ. દાસગુપ્તાએ માને જોયા અને માના આગમનનું કારણ જાણ્યું એટલે પોતે જ લઈ આવ્યા. ડૉ. સાથે હતા એટલે નર્સો કંઈ જ બોલી શકી નહીં. મા થોડીવાર પથારી પાસે ઊભાં રહ્યાં. તેમણે તો પથારીને સ્પર્શ પણ કરી લીધો. અને જે કંઈ સૂક્ષ્મ રીતે કરવાનું હતું તે ચૂપચાપ કરી પાછાં વળી ગયાં. એ ઑપરેશન સફળ થયું ને તેઓ ઝડપથી સાજા થવા લાગ્યા. પછી જાણ્યું કે મા પોતે ખબર કાઢવા આવ્યાં હતાં. ત્યારે અત્યંત આનંદ અનુભવ્યો. મા સાથેનો સંબંધ ગાઢ બન્યો. પછી તો પોતે માને મળવા ગયા હતા અને પોતાને ઘેર પણ માને તેડી લાવ્યા હતા. માનો સર્વ સાથેનો વ્યવહાર જ અનોખો હતો. માનવીય માપદંડો ને વ્યવહારનાં ધોરણોથી સાવ નિરાળો ! એ નિર્વ્યાજ પ્રેમ અને અપાર કરુણાએ જ તો માને સર્વનાં મા બનાવી દીધાં હતાં !





## 'તમે એનું ધ્યાન રાખજો !'

"મા, હું નહીં હોઉં ત્યારે મારી આ દીકરીનું થશે શું તેની ચિંતા થાય છે. તમે તેનું ધ્યાન રાખજો." કમલા નહેરુએ નાની ઇંદિરાને માની ગોદમાં મૂકીને કહ્યું હતું. માએ તેમને ગોદમાં ધારણ કરી સ્વીકારી લીધા. ત્યારથી ઇંદિરાજી માની ચેતના સાથે જોડાયેલાં રહ્યાં. પરંતુ પ્રત્યક્ષ રીતે મા પાસે બહુ આવી શક્યાં નહીં. છતાં યોગ ઊભો થતો ત્યારે તે મા પાસે જતા રહેતાં. ફિરોજ ગાંધીના અવસાન પછી માનસિક રીતે ઘણાં વ્યગ્ર બની ગયાં હતાં ત્યારે મા પાસે શાંતિ માટે આવી પહોંચ્યા હતાં. એકાંતમાં ઘણીવાર સુધી વાતો કરી. પછી માએ પુષ્પાદી કે જેમનો કંઠ ખૂબ મધુર હતો તેમને બોલાવ્યાં ને ઇન્દિરાજીને ભજન સંભળાવવા કહ્યું. પુષ્પાદી આંખો બંધ કરી ભજન ગાઈ રહ્યાં હતાં. એ વખતે મા પોતાની પાટ ઉપરથી નીચે ઊતરીને ઇંદિરાજીની પાસે શેતરંજી પર બેસી ગયાં. માએ જોયું કે ઇંદિરાજી ખૂબ થાકી ગયાં હતાં. માએ કહ્યું : "તમારી મા કમલા આ શરીરની ગોદમાં માથું રાખીને સૂઈ જતાં. તમે ય સૂઈ જાઓ. કંઈ નહીં થાય."

અને ઇંદિરાજીએ માના ખોળામાં માથું મૂક્યું ને મા તેમના મસ્તકને ધીમે ધીમે થપથપાવતાં રહ્યાં.

થોડી જ વારમાં માની એ અમૃતમય ગોદમાં ઊંઘી ગયાં. ભજન પૂરું થતાં પુષ્પાદીએ આંખો ખોલી ને જોયું તો મા ધ્યાનમાં મગ્ન અને ખોળામાં મસ્તક રાખી ઇંદિરાજી શાંતિથી સૂતાં છે. થોડીવાર પછી ઇંદિરાજી જાગ્યાં. જાણે કોઈ શાંતિના લોકમાંથી પાછાં આવ્યાં હોય એવી શાંતિ ચહેરા ઉપર છવાઈ ગઈ હતી. ઊંચે દૃષ્ટિ કરી તો વાત્સલ્યમયી મા પોતાની આ નાની બાળકી ઉપર પ્રેમભરી દૃષ્ટિ કરી રહ્યાં હતાં.

આવો પ્રેમ જોઈને ઇંદિરાજી ગળગળા થઈ ગયાં.

મા પાસેથી પાછાં ફર્યાં ત્યારે જાણે સાવ હળવાફૂલ બની ગયાં હતાં.

શાંત મનમાં ભજનના મીઠા સૂરો ગુંજી રહ્યા હતા.

નિવાસે જઈને સેક્રેટરી મારફત પુછાવ્યું કે, 'ફિરોજની પુણ્યતિથિએ પુષ્પાદી ભજન ગાવા માટે દિલ્લી આવે ખરાં ?' માએ પુષ્પાદીને કહ્યું કે, 'ભગવદ્ કીર્તન સંભળાવવું એ તો મહાસેવા છે.'

તેથી પુષ્પાદીએ માની ઇચ્છા જાણી દિલ્હી જવાની સંમતિ આપી.

દિલ્હીમાં માનાં ભજનોનો કાર્યક્રમ ગોઠવાયો.

બીજે દિવસે પણ ઇંદિરાજી મા પાસે આવ્યાં અને એકાંતમાં ઘણી વાતો કરી. પછી પણ મા પાસે અવારનવાર આવતાં રહેતાં.

નહેરુજીના અવસાન પછી માએ કમલા નહેરુને આપેલી રુદ્રાક્ષની માળા ઇંદિરાજીએ ગળામાં ધારણ કરી. માએ તો ભગવાનના નામનો જપ કરવા માટે એ માળા આપી હતી, જેથી ભગવાન સાથેનો સાચો સંબંધ સ્થપાતાં જીવનમાં સાચો આનંદ અને શાંતિ પ્રાપ્ત થાય. પણ તેને શોભા માટે ગળામાં ધારણ કરવાથી એ રાજસી પ્રભાવવાળી બની ગઈ. તેથી ઇંદિરાજીને રાજયોગ પ્રાપ્ત થયો. એ માળા તૂટી ગઈ ત્યારે તેમને ઘણી વિટંબણાઓ સહેવી પડી. પછી તેઓ એ માળાના પારા લઈને મા પાસે ગયાં ને માને પ્રાર્થના કરી કહ્યું : "મા, આ માળા પાછી આખી કરી આપો અને આશીર્વાદથી અભિષિક્ત કરી આપો."

માએ પ્રાર્થના સ્વીકારી ફરી માળા પરોવી ને આશીર્વાદથી મંડિત કરી આપી.

પછી ફરી એ ધારણ કરતાં એમનાં કષ્ટોનો અંત આવ્યો.

એ પછી ઇંદિરાજીએ એ માળા કાયમ પહેરી જ રાખી હતી.

મા બીમાર પડ્યાં ત્યારે ઇંદિરાજી પ્રધાનમંત્રી હતાં તોય સમય કાઢી માનાં દર્શને આવી ગયાં. તેમને થતું કે તેઓ માને કઈ રીતે ઉપયોગી બને ? પણ માએ તો ક્યારેય કોઈની ય સહાય સ્વીકારી ન હતી. મા તો સર્વને આપવા જ આવ્યાં હતાં. એમને તો કોઈ વસ્તુની જરૂર જ ક્યાં હતી ? એમને તો આત્મ સાથે સંબંધ હતો; કોઈ પદ કે હોદ્દા સાથે નહીં. ઇંદિરાજીનો આત્મપ્રકાશ પ્રકટી ઊઠે અને એ દ્વારા રાજ્યનો વહીવટ વધુ ઉત્કૃષ્ટ રીતે કરી શકે એ માટે માની આંતરિક સહાય હતી. ઇંદિરાજીને પણ માના સાંનિધ્યમાં જે હૂંફ ને શાંતિ મળતાં જે બીજે ભાગ્યે જ મળતાં. આથી તક મળતી ત્યારે મા પાસે આવી જતાં.

માના અંતિમ દિવસોમાં પણ સમય મેળવીને ખાસ માનાં દર્શન માટે જ દહેરાદૂન-કિસનપુર આશ્રમમાં ગયાં હતાં. રાજીવ ને સોનિયાને પણ સાથે લઈ ગયાં હતાં. મા તે સમયે પથારીમાં સૂતાં જ રહેતાં. પણ ઇંદિરાજી આવ્યાં ત્યારે પથારીમાં



બેઠાં થયાં. પોતાની પાસે બેસાડ્યાં. થોડી વાતો કરી. એ પછી માએ કોઈ સાથે વાતો કરી ન હતી. ઇંદિરાજી, રાજીવ અને સોનિયા આશીર્વાદ મેળવી પાછાં ગયાં ત્યારે ઇંદિરાજી જાણતાં નહોતાં કે હવે દેહસ્વરૂપમાં ફરી માનાં દર્શન નહીં થાય અને આ માના અંતિમ આશીર્વાદ છે ! પછી તો તેમને માના દેહત્યાગના જ સમાચાર મળ્યા. ત્યારે પણ ઇંદિરાજી વિદેશના કાર્યક્રમો પડતા મૂકીને માના અંતિમ દર્શને આવી પહોંચ્યાં હતાં. પોતાની શ્રદ્ધાભક્તિના પ્રતીકરૂપે પોતે માના દેહને લાલગુલાબનો સુંદર હાર પહેરાવ્યો હતો. આમ મા દેહમાં હતાં ત્યાં સુધી ઇંદિરાજી સાથેનો પ્રેમસંબંધ અતૂટ રહ્યો હતો. મા પાસેથી ઇંદિરાજીને જે આધ્યાત્મિક બળ ને શાંતિ મળતાં રહ્યાં તેથી તો તેઓ કપરી મુશ્કેલીઓ અને કટોકટીઓનો સામનો કરી સ્વસ્થતાપૂર્વક કાર્યો કરી શક્યાં હતાં.





# માના ખોળામાં દીદીમાએ દેહ છોડ્યો

તે સમયે હરદ્વારમાં ગંગાકિનારે ભાગવત સપ્તાહનું આયોજન કરાયું હતું. આયોજકોએ માને પ્રાર્થના કરી હતી :

"આ સપ્તાહમાં જરૂર હાજર રહેજો."

માએ તેને સ્વીકારી સંમતિ આપી હતી. સપ્તાહનો પ્રારંભ થયો. ત્યારે મા અને તેમનાં માતા સંન્યાસિની મુક્તાનંદગિરિજી બંને હરદ્વારના જયપુરિયા બિલ્ડિંગમાં આવી પહોંચ્યાં. આમ તો જયપુરિયા અતિથિભવનમાં માની અને દીદીમાની રહેવાની સુંદર વ્યવસ્થા કરાઈ હતી. મા દિવસે ત્યાં આરામ કરતાં, પણ રાત્રે કનખલ આશ્રમમાં ચાલ્યા જતાં. દીદીમા તો રાત્રે ત્યાં રોકાતાં. એ વખતે દીદીમાની ઉમ્મર ૯૪ વર્ષની હતી. આ ઉમ્મરેય પૂરેપૂરાં સ્વસ્થ હતાં. ઉમ્મરને લીધે શરીર થોડું કૃશ થયું હતું એટલું જ. બાકી કોઈ જાતની તકલીફ નહોતી. સપ્તાહના ચાર દિવસ તો આ રીતે વીતી ગયા. પાંચમે દિવસે કૃષ્ણજન્મનો પ્રસંગ આવ્યો. બધાંએ ધામધૂમથી ઊજવ્યો. તે રાત્રે માએ સત્સંગ પણ કરાવ્યો. તે રાત્રે માને 'ખ્યાલ' આવ્યો કે આજે કનખલ આશ્રમમાં નથી જવું; અહીં જ રોકાવું છે. આથી રાત્રે તેઓ અતિથિભવનમાં દીદીમા સાથે આવ્યાં ને મોડે સુધી વાતો કરી ખૂબ આનંદ કર્યો. ત્યારબાદ પોતાના ઓરડામાં આવીને સૂતાં. રાત્રે લગભગ એક વાગે દીદીમાને શૌચ જવાની હાજત થઈ. તેઓ ઊઠ્યાં. શૌચ જઈને પાછાં આવીને સૂઈ ગયાં. પણ તેમને શ્વાસમાં બેચેની થવા લાગી. સેવામાં રહેનાર શિષ્યોએ પૂછ્યું : "માને બોલાવું ?"

તેમણે ના પાડી કહ્યું : "એમના આરામમાં ખલેલ નથી પહોંચાડવી. હમણા સારું થઈ જશે."

પણ થોડીવારમાં તો માની અંતઃપ્રેરણા તેમને દીદીમાના ઓરડામાં જ લઈ આવી ! સવારના સવાત્રણ વાગ્યા હતા. માએ જોયું તો માતાને શ્વાસમાં તકલીફ થઈ રહી હતી. મા આવીને તેમની પાસે બેસી ગયાં.

મસ્તક ખોળામાં લઈને હાથ ફેરવવા લાગ્યાં. દીદીમાએ આંખ ખોલીને જોયું એટલે બંને હાથ ભેગા કરી મા સામે જોતાં જ રહ્યાં. બંનેમાંથી કોઈ કંઈ જ બોલ્યું



નહીં. પણ એ દૃષ્ટિ અને એ મૌનથી આત્માએ પરમાત્માને જે નિવેદન કરવાનું હતું તે થઈ ગયું. માએ તે સ્વીકારી લીધું ને થોડી જ વારમાં માના ખોળામાં ૯૪ વર્ષનો એ નશ્વર દેહ મૂકીને એ દિવ્ય આત્મા પરમતેજ સ્વરૂપ પરમાત્મામાં ભળી ગયો. કેવી દિવ્ય ને ભવ્ય એ આત્માની વિદાય બની રહી ! જે દિવ્ય માના દેહને પૃથ્વી પર ઉતાર્યો હતો એ જ દેહને સ્થૂલ દેહ સોંપીને આ માતાએ વિદાય લીધી. માએ પણ વિદાયને મંગલમય બનાવી દીધી.

જાણે પૃથ્વી ઉપર પોતાને જન્મ દેવા માટેનું ઋણ ચુકવતાં ન હોય !

એ દિવસ હતો. ૮મી ઓગસ્ટ ૧૯૭૦. સમય હતો પ્રભાતનો.

બીજે દિવસે એ દેહને કનખલ આશ્રમમાં લઈ જવાયો. ત્યાં સમાધિ અપાઈ. આશ્રમમાં સોળ દિવસ સુધી ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું. ને માએ આ સઘળા કાર્યક્રમોમાં હાજરી આપી. પછી આ સમાધિસ્થળે મંદિર બંધાયું. ત્યાં દીદીમાની સુંદર આરસ પ્રતિમા મૂકી. આજેય ત્યાં આવનાર સર્વને પ્રેમ ને આનંદથી એ ભરી દે છે.

**આ શરીર કોઈ આશ્રમો સ્થાપતું નથી. જ્યાં શ્રમ-મહેનત-થાક ન હોય, ત્યાં આશ્રમ જ છે. સંસારથી પર ઊઠીને સમગ્ર વિશ્વ પર છાઈ જવું, એ એકમાત્ર જ આશ્રમ છે, કે જ્યાં તળાવો પણ છે અને સાગરો પણ છે. ત્યાં કોઈની ગૃહભૂમિ અને પરદેશો વચ્ચે કોઈ ભેદભાવ હસ્તી ધરાવતો નથી. તમે તેને ગમે તેવી રીતે અભિવ્યક્ત કરો, તેવો તે છે.**

**– 'શ્રી શ્રી મા'**



## 'પ્રતિમાનું વિસર્જન થઈ ગયું !'

ગુરુપ્રિયા દીદી ખૂબ બીમાર હતાં. માને થયું કે અહીં કાશીમાં કે હરદ્વારમાં યોગ્ય સારવાર થઈ શકશે નહીં. આથી જ્યાં બરાબર સારવાર થાય તેવા કોઈ સ્થળે મોકલવા જરૂરી છે. પણ દીદી તો પથારીમાંથી બેઠાં પણ થઈ શકતાં નહોતાં, આથી એમની બધી જ જવાબદારી ઉપાડે ને યોગ્ય સારવાર કરાવે તેવા આત્મીય સ્વજનો પાસે જ રાખી શકાય તેમ હતું. માની સમક્ષ એ સમસ્યા હતી કે તેમને ક્યાં મૂકવા ? એ સમસ્યા મુંબઈના માના શ્રદ્ધાવાન ભક્ત બી. કે. શાહે દૂર કરી દીધી. બી. કે. શાહની ગણના મુંબઈના શ્રીમંત ઉદ્યોગપતિમાં થતી હતી. સ્વપુરુષાર્થથી આગળ વધેલા બી. કે. શાહને મામાં અનન્ય શ્રદ્ધાભક્તિ હતાં. માતૃપરિવારના સર્વ સભ્યોને તેઓ ઘણી સહાય કરતા. મા મુંબઈ જાય ત્યારે તેમને ત્યાં, મા માટે જે અલગ ઓરડો રાખ્યો હતો ત્યાં જ રહેતાં. માની મૂંઝવણ જોઈને ભૈયાએ કહ્યું :

"મા, દીદીની ચિંતા ન કરો. તેમને મુંબઈ લઈ જઈશ. દીદી મારે ત્યાં જ રહેશે. તેમની સર્વ સારવારની જવાબદારી મારી."

દીદીની જવાબદારી ઉઠાવનાર આથી વધુ યોગ્ય બીજું કોઈ હોઈ શકે નહીં એમ માને જણાયું. તેથી કહ્યું :

"દીદી તમારી બહેન છે. તમને યોગ્ય લાગે તે રીતે સારવાર કરો."

તેઓ દીદીને મુંબઈ લઈ આવ્યા. બી. કે. શાહ અને સમગ્ર પરિવારે સેવા કરવામાં પાછું વળીને જોયું નહીં. નિષ્ણાત ડૉક્ટરોને રોક્યા, છતાં તબિયતમાં સુધારો જણાયો નહીં. શ્વાસની તકલીફ વધતી જ ચાલી.

પછી તકલીફ વધુ જણાતાં માને એ વિશે જાણ કરાઈ.

તે સમયે મા તો વૃંદાવનમાં ભાગવત સમાહમાં રોકાયેલાં હતાં.

તેથી ખાસ માણસને દિલ્હીથી વૃંદાવન મોકલ્યો.

સમાચાર સાંભળી માને લાગ્યું કે તાત્કાલિક દીદી પાસે પહોંચી જવું જોઈએ.

બીજે જ દિવસે ફ્રન્ટિયર મેઈલમાં મુંબઈ જવા રવાના થયાં.

મુંબઈ ઊતરી સીધા દીદી પાસે જ પહોંચી ગયાં. બરાબર એ જ સમયે મુંબઈના પ્રખ્યાત ડૉક્ટર શેઠ દીદીને તપાસીને પાછા ફરી રહ્યા હતા. માને અચાનક આ રીતે



આવેલાં જોઈને ડૉ. શેઠ અને બી. કે. શાહ બંને સ્તબ્ધ જ બની ગયા ! તેમને થયું કે દીદીની આવી કટોકટીભરી હાલતની માને કેવી રીતે ખબર પડી ગઈ હશે ?

પછી ડૉ. શેઠ પાસેથી માએ દીદીની સ્થિતિની જાણકારી મેળવી.

દીદી પાસે આવી પહોંચ્યા. દીદી તો ભાનમાં હતાં જ નહીં.

ઊભો શ્વાસ ચાલુ હતો. માએ ગંભીર હાલત જોઈ અને તત્ક્ષણ દીદીને કાશી લઈ જવાનો નિર્ણય કર્યો.

છેક કાશી સુધી આ હાલતમાં ટ્રેઈનમાં લઈ જવામાં ડૉક્ટરોને ભારોભાર જોખમ જણાતું હતું. રસ્તામાં અધવચ્ચે જ હૃદય બંધ પડી જાય તેવી પણ શક્યતા હતી. આ સ્થિતિમાં ક્યાંય ખસેડવા યોગ્ય નથી એવો ડૉક્ટરોનો અભિપ્રાય હતો. પણ આંતરિક રીતે મા એવું ઇચ્છતાં હતાં કે દીદી અંતિમ શ્વાસ કાશીમાં છોડે તો સારું. એમણે તો 'ભૈયા'ને કહી જ દીધું : "કાશી જવા વ્યવસ્થા કરાવી આપો."

માની ઇચ્છા હતી, એટલે સાંજ સુધીમાં ફર્સ્ટ ક્લાસના કમ્પાર્ટમેન્ટમાં લઈ જવાની ગોઠવણ થઈ.

તે દિવસે ગણેશની પ્રતિમાના વિસર્જનનો દિવસ હતો.

મુંબઈમાં ઠેર ઠેર ગણપતિની શોભાયાત્રાઓ નીકળી હતી.

માએ કહ્યું : "આ તો છે યાત્રાનો સમય." વિઘ્નવિનાશક વિનાયક માની યાત્રાના સંરક્ષક બની રહ્યા. ફર્સ્ટ ક્લાસના કમ્પાર્ટમેન્ટમાં દાક્તરોની દેખરેખ અને માની હાજરીમાં ઓક્સિજનના સિલિન્ડર સાથે દીદીને સુવડાવવામાં આવ્યાં.

દીદી તો હવે માના હાથમાં અબોધ બાળક જેવા હતાં. શું મુંબઈ કે શું કાશી, શું ટ્રેન કે શું આશ્રમ – બધું જ સરખું હતું. તેઓ ક્યાં છે તેની જ એમને તો ખબર નહોતી. શરીર રોગથી ઘેરાયેલું હતું ને વળી તે શ્વાસ લેવા મથી રહ્યું હતું. બાહ્ય ચેતના લુપ્ત હતી. બહારની કોઈ ઘટનાઓ સાથે હવે જાણે કંઈ જ સંબંધ રહ્યો ન હતો ! તેઓ તો આંતર ચેતનામાં લીન હતાં. તેમની સામે ચોકી કરતાં મા બેઠાં હતાં !

આ હતી દીદીની મા સાથેની આ લોકની અંતિમ સફર !

અત્યાર સુધી પ્રવાસમાં દીદી માની એક એક વસ્તુની કાળજી રાખતાં જાગૃત બેઠાં રહેતાં, દીદીની પ્રેમાળ દેખરેખ હેઠળ માને પોતાની તો કોઈ જ ચિંતા રહેતી નહીં. બીમાર પડ્યાં પછી શરીરથી માની સેવા કરી શકતાં નહીં તેનો તેમને ખૂબ અફસોસ રહેતો. એ પહેલાં તો પડછાયાની પેઠે માની સાથે રહેતાં. મા સાથે કેટકેટલું ફર્યાં હતાં ! માના સાન્નિધ્યમાં વિતાવેલા એક એક દિવસની નોંધ ડાયરીઓમાં લખી હતી અને તેથી જ તો મા આનંદમયીના વીસ ભાગમાં માના પ્રત્યેક દિવસની પ્રવૃત્તિ

વિશે જાણી શકીએ છીએ. બંગાળીમાં, હિન્દીમાં અને હવે તો ગુજરાતીમાં પણ ગુરુપ્રિયા દીદીએ લખેલી આ નોંધપોથી શ્રીમા આનંદમયીના વીસ ભાગમાં પ્રકાશિત થયેલી છે. તેઓ તો હતાં માના પડછંદ અને જાગૃત ચોકીદાર ! માના શરીરનું જેઓ હંમેશાં ધ્યાન રાખતાં રહેતાં તેમના શરીરનું હવે મા ધ્યાન રાખી રહ્યાં હતાં ! ટ્રેઈન દિલ્હી તરફ દોડી રહી હતી. માની જાગૃત ચોકી હતી એટલે સર્વને ખાતરી હતી કે સ્વયં યમદેવતા પણ માની આ ચોકીમાંથી દીદીના પ્રાણ અધવચ્ચે લેવાની હિમ્મત નહીં કરે ! દીદી કાશી તો જરૂર પહોંચી જ જશે અને થયું પણ તેમ જ.

બીજે દિવસે સવારે ચાર વાગે મા દીદીને લઈને વારાણસીના આશ્રમમાં આવી પહોંચ્યાં. માની સૂચના મુજબ બધી જ તૈયારી અગાઉથી ત્યાં કરી રાખવામાં આવી હતી. દીદીને પથારીમાં સુવડાવ્યાં. માએ મસ્તક પર હાથ ફેરવ્યા, પંપાળ્યું. પછી આખે શરીરે માનો પ્રેમાળ હાથ ફરતો રહ્યો. દીદી એ સ્પર્શનો અનુભવ જરૂર કરી રહ્યાં હશે, પણ જાગૃત નહોતાં. જાગૃત હોત તો તો આંખો મીંચીને જ તે સ્પર્શ અનુભવતાં રહેત અને પછી માને કહેત કે, "મા, સારું થયું કે માંદી પડી. તો જ તમારો આવો શીતળ સ્પર્શ મને મળ્યો !" જેમ અગાઉ જ્યારે શરૂઆતમાં તેઓ મા પાસે આવ્યાં ત્યારે તેમણે ઇચ્છ્યું હતું કે, "માંદી પડું તો કેવું સારું ! મા મારી પાસે આવેને !" પણ હવે આ સ્પર્શના આનંદને અભિવ્યક્ત કરનારી એમની વાણી કાર્યરત ક્યાં હતી ?

એમની ચેતના તો ઊંડેઊંડે લીન થઈ રહી હતી !

દીદી પાસે મા થોડીવાર રોકાયાં. પોતાનાં ચરણોમાં સંપૂર્ણ સમર્પણ કરી દેનાર, અસ્તિત્વનો એક અભિન્ન ભાગ બની જનાર એ ખુકુની (નાનીબહેન) હવે તેમની પાસેથી વિદાય લઈ રહી હતી.

આ વિદાય વેળાએ માને એના આત્મા સાથે જે ગોષ્ઠિ કરવી હતી તે સૂક્ષ્મમાં કરી લીધી. પછી બાહ્ય રીતે પણ દીદી માટે જે સૂચનાઓ આપવાની હતી તે ડૉક્ટરો-નર્સોને આપી દીધી. માને ઝીણામાં ઝીણી વિગતોની સૂચના આપતાં જોઈ ડૉક્ટરોને થયું કે માને શરીરની બાબતમાં પણ કેટલું બધું જ્ઞાન છે. એ પછી દીદીની સેવામાં રહેનાર શિષ્યોને પણ માએ જણાવ્યું કે, અંતિમ સમયે શું શું કરવું !

એ પછી કહ્યું, "આજે બપોરે જ વૃંદાવન જવાનું છે. ત્યાં ભાગવત સપ્તાહમાં હાજર રહેવાનું છે."

"અત્યારે ? આવા સંજોગોમાં ?" બધાં ચોંકી ઊઠ્યાં.

હવે તો દીદી કલાકોના જ મહેમાન હતાં. બધા એવું ઇચ્છતા હતા કે આ સમયે મા હાજર રહે. પણ મા તો મા જ હતાં. સર્વની અંદર ઓતપ્રોત છતાં સર્વથી



અલિપ્ત. સંસારીજનો તો માયા-મમતાથી બંધાયેલાં હોય અને તેથી તેઓ તે રીતે વિચારતાં હોય. પણ મા તો સદા સર્વ બંધનોથી મુક્ત હતાં અને તેમણે દીદીને પણ સર્વ બંધનોથી મુક્ત કરી દીધાં હતાં. તેથી ભૌતિક શરીરે હાજર રહેવાની જરૂર નહોતી જણાતી. તેથી બપોરે જ વૃંદાવન જવા નીકળી ગયાં ને બીજે દિવસે આઠ વાગે તો સપ્તાહમાં પહોંચી પણ ગયા. વૃંદાવન, દિલ્હી, મુંબઈ, ફરી મુંબઈથી વારાણસી અને વારાણસીથી પાછું વૃંદાવન આમ ચાર દિવસથી સતત મુસાફરી મા કરી રહ્યાં હતાં. ન ભૂખ, ન થાક, ન તરસ, ન નિદ્રા, ન ચિંતા - ને દીદીનું સતત ધ્યાન. અને આ પરિસ્થિતિમાં પણ સહજ આનંદમય સ્થિતિમાં લેશપણ પરિવર્તન નહીં. આ તો માત્ર મા જ કરી શકે. અનંત સ્રોતમાંથી સીધી શક્તિ મેળવનાર સ્વયં શક્તિસ્વરૂપિણી મા માટે કશું અશક્ય, મુશ્કેલ, બંધનરૂપ કે વ્યથાકારી નહોતું.

વૃંદાવનમાં જઈને સપ્તાહ સાંભળવા બેસી ગયાં. ભાગવત કથામાં જ્યારે કૃષ્ણજન્મ થયો અને તેની આરતી થઈ રહી હતી ત્યારે મા અચાનક બોલી ઊઠ્યાં : 'દીદી ચાલી ગઈ.' હજુ ત્યારે તો વૃંદાવનમાં એ અંગેના કોઈ સમાચાર પણ આવ્યા ન હતા. પણ પોતાની સહજ પ્રેરણાથી મા જાણી ગયાં કે દીદીએ દેહ છોડી દીધો છે. એ પછી સમાચાર આવતાં મા પાછા વૃંદાવનથી કાશી આવ્યાં. રસ્તામાં જ પાનુદાએ માને વાત કરી કે દીદીએ દેહ છોડ્યો ત્યારે આંખો ખૂલી ગઈ હતી અને માના ફોટા સામે જ નિર્નિમેષ નેત્રે નિહાળી બોલી શકતાં નહોતાં; પણ છેલ્લે માનાં દર્શન કરીને આંખો કાયમ માટે મીંચી દીધી !

માએ કાશી આવતાં રસ્તામાં જ પાનુદાને કહ્યું :

"મને દીદી પાસે નહીં લઈ જતા. તમારે જે કરવું હોય તે કરજો."

માએ દીદીના દેહને બરફમાં રાખવાની સૂચના આપી એમ પણ કહ્યું કે, દીદીએ સંન્યસ્ત ગ્રહણ કર્યું હતું એટલે એમના દેહને ગંગામાં જળ-સમાધિ આપવાની છે. પછી મા ઓરડામાં ચાલ્યાં ગયાં ને બારણું બંધ કરી દીધું. એકાંતમાં માએ દીદીના સૂક્ષ્મ સ્વરૂપ સાથે શું વાર્તાલાપ કર્યો તે તો તેઓ જ જાણે. પણ દીદીના સ્થૂલ શરીરને વિદાય આપી નહીં. દીદી સાથે જાગતિક સંબંધ નહોતો. તેમણે જ કહ્યું હતું કે, દીદી સાથે મારે આત્મિક સંબંધ છે. દેહનો વિલય થતાં કંઈ આત્માના સંબંધો પૂરા થઈ જતા નથી. દીદીને ત્યાં જળસમાધિ અપાઈ તે બધો જ સમય પોતાના ઓરડાને બંધ કરી એકાંતમાં બેસી રહ્યાં.

પછી એકવાર બારણું ખોલી પૂછ્યું : 'કેટલા વાગ્યા છે ?'

ત્યારે સવા આઠનો સમય થયો હતો. બરાબર એ જ સમયે દીદીના દેહને ગંગામાં પધરાવાયો હતો. કાશીમાં ભગવાન કાશીવિશ્વનાથના સાન્નિધ્યમાં પવિત્ર 'પ્રતિમાનું વિસર્જન થઈ ગયું !'

ગંગામાં દીદીના દેહનું વિસર્જન થાય એ માટે તો મા આટલો લાંબો પ્રવાસ ખેડીને દીદીને મુંબઈથી કાશી લાવ્યાં હતાં. દીદીને જળસમાધિ આપી પાછા આવ્યા પછી મા પોતાના ઓરડામાંથી બહાર આવ્યાં ને ત્યારે એટલું જ બોલ્યા : "પ્રતિમાનું વિસર્જન થઈ ગયું."

દુર્ગાપૂજામાં દુર્ગાની પ્રતિમાનું ત્રણ દિવસ સુધી ભારે ધામધૂમથી પૂજન કરાય છે. પછી છેલ્લે દિવસે નદીમાં વિસર્જન કરાય છે એમ દીદીના દેહનું વિસર્જન થઈ ગયું.

દીદી સમગ્ર માતૃપરિવારના દીદી હતાં; મુખ્ય સ્તંભ હતાં. હવે સદેહે નહોતાં રહ્યાં. આથી સમગ્ર આશ્રમ પરિવાર શોકસંતપ્ત હતો. ચિરતપસ્વિની, શુદ્ધબ્રહ્મચારિણી, તેજસ્વિની, સંન્યાસિની, માતૃશાળાની કન્યાઓની પ્રેરણાદાયિની દીદીની ગેરહાજરી બધાને બહુ જ સાલતી હતી. આથી માએ બધાને આશ્વાસન આપ્યું અને સમજાવ્યાં : "દીદીએ જે ધ્યેયને કારણે ગૃહત્યાગ કર્યો હતો તેને પૂર્ણ કરી બતાવ્યું. ચિરજીવનના લક્ષ્ય પર સ્થિર, ધીર, અટલ ને અચલ."

માએ એમ પણ કહ્યું કે જે કામ કરવા માટે આવે છે એ કામ કરીને જતા રહે છે. એવી અપેક્ષા રાખતા નથી કે અમારા માટે આ થશે કે પેલું થવાનું છે વગેરે. જેમની પુનરાગમનની વૃત્તિ છે તેઓ ભટક્યા કરે છે. દીદી તો આ શરીરના કાર્ય માટે આવી હતી અને કામ કરીને ચાલી ગઈ.

માની હાજરીએ બધાંને શોકમાંથી ઝડપથી બહાર કાઢ્યાં.

સમગ્ર માતૃપરિવાર માટે માનાં ચરણોમાં પૂર્ણપણે સમર્પિત દીદીનું જીવન જ પ્રેરણારૂપ બની રહ્યું.

**જેમણે ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો છે તેમણે આદર્શ ગૃહસ્થ થવું જોઈએ, અને ધર્મના આદેશ અનુસાર જીવન જીવવું જોઈએ. આત્માની ઓળખ માટે મથી રહો.**

**– 'શ્રી શ્રી મા'**





## માત્ર વીસ જ મિનિટમાં !

ફ્રાન્સના પ્રખ્યાત ડૉક્ટર એડોલ્ફ જેક્સ વેન્ટ્રોબના હૃદયમાં પરમતત્ત્વને પામવાની તીવ્ર ઝંખના જાગી ઊઠતાં, પોતાનું દવાખાનું મિત્રને સોંપીને, ભારતમાં આવી પહોંચ્યા. મુંબઈથી દક્ષિણ ભારતમાં ગયા. અનેક સાધુ-સંતોને મળ્યા. સંતસમાગમ કર્યો. પણ અંતરની તૃષાને છિપાવે તેવા મહાત્મા ક્યાંય ન મળ્યા. પછી ઉત્તર ભારતમાં આવ્યા. ત્યાંય અનેક સંતોનાં દર્શન કર્યાં. સત્સંગ પણ કર્યો. પોતાના અંતરની ઈચ્છા પણ ઘણાની સમક્ષ પ્રગટ કરી. કેટલાકે માર્ગ પણ બતાવ્યો, પણ અંતરને સંતોષ ન થયો. તેના અંતરના ઊંડાણમાં ઝાંખીને જે તેને અનુરૂપ માર્ગ બતાવે એવી કોઈ આધ્યાત્મિક વ્યક્તિની શોધ તો અધૂરી જ રહી. નિરાશ થઈ ગયા પછી કાશી આવ્યા. ત્યાંના પંડિતોને પણ મળ્યા. પણ મનની મૂંઝવણ દૂર થઈ નહીં. એટલે ફ્રાંસ પાછા જવાનું નક્કી કર્યું. પણ છેલ્લે કોઈએ મા આનંદમયીને મળવાનું સૂચન કર્યું. પણ હતાશ હૈયામાં હવે માને મળવાની ઈચ્છા થઈ નહીં.

એમણે વિચાર્યું કે, "આટલા બધાને મળ્યો ને ક્યાંયથી યોગ્ય માર્ગદર્શન ન મળ્યું તો એક સ્ત્રી-સંત પાસેથી તો શું વધારે મળી શકશે ?"

આમ વિચારી માના દર્શને જવાના સૂચન પર ધ્યાન આપ્યું નહીં.

પણ અંતરમાં ફરી એવું થવા લાગ્યું કે આટલાબધામાં એક વધુ !

દર્શન કરવા જવામાં શું વાંધો ? માર્ગદર્શન ન મળે તો કંઈ નહીં, એક સ્ત્રીસંતનાં દર્શન તો કરવાં જોઈએ.

આમ માની માના દર્શને કાશીના માના આશ્રમે આવી પહોંચ્યા.

ત્યારે સાંજના છ વાગ્યાનો સમય હતો. માનાં દર્શન કરતાં જ થયું કે આ જ તો છે મારી ભાગ્યવિધાત્રી. હવે નિરાશ થવાનું કોઈ કારણ નથી. આટલી રઝળપાટને અંતે છેલ્લી ઘડીએ જવાની ક્ષણે મારી શોધ પૂરી થઈ ! ત્યારે તો મા પાસે થોડો સમય જ રહ્યા, પણ માએ રાતના દસ વાગે નિરાંતે મળવા આવવા કહ્યું.

આથી ત્યારે પાછા ગયા ને માને પૂછવા મનમાં અનેક પ્રશ્નો ઘોળાતા હતા તે બધા મનમાં જ વ્યવસ્થિત કરી લીધા. રાત્રે દસ વાગે પાછા ભદૈની આશ્રમમાં પહોંચી ગયા. આ મુલાકાત વિશે તેમણે લખ્યું છે :

"માએ જણાવ્યા પ્રમાણે સમયસર મા સમક્ષ ઉપસ્થિત થયો. પ્રણામ કરી સામે બેઠો. મા સાથે વીસ મિનિટ મુલાકાત ચાલી. મારે ઘણા બધા પ્રશ્નો પૂછવાના હતા; પરંતુ એકેય પ્રશ્ન પૂછી શક્યો નહીં. માનાં માત્ર દર્શને મારા પ્રશ્નોનું સ્વતઃ સમાધાન કરી દીધું. વીસ મિનિટની મુલાકાતમાં માએ મારી અંતશ્ચેતનામાં કંઈક એવું ચમત્કારિક કાર્ય કર્યું છે કે હું જે હતો તે ન રહ્યો. હું સાવ બદલાઈ ગયો. મુલાકાત પછી મારી હૉટલમાં ગયો. મારું મન અનિર્વચનીય આનંદથી ભરપૂર હતું. મારાં નેત્રમાં માની અખંડ પ્રતિમા અંકિત થઈ હતી. અતિઆનંદને લીધે મને આખી રાત ઊંઘ પણ ન આવી."

એ પછી તો સ્ટીમરની ટિકિટ કેન્સલ કરાવી નાખી અને માના સાન્નિધ્યમાં ૧૧ માસ રોકાઈ ગયા. એમના સસંર્ગથી બધી આસક્તિઓ છૂટવા લાગી. અંતરમાં જે સત્યને પામવાની ભૂખ હતી તેનું પાથેય મા પાસેથી મળવા લાગ્યું.

એમની આધ્યાત્મિક યાત્રા માના સાન્નિધ્યથી સરળ બની ગઈ.

માનાં સાન્નિધ્યમાં વધુ ને વધુ સમય રહેવા લાગ્યા તેમ તેમ શ્રદ્ધા સુદૃઢ બનતી ગઈ. પછી તો ખરેખરી ખાતરી થઈ ગઈ કે મા જ એમના ગુરુ છે. પ્રભુ છે.

આ વિશે તેમણે લખ્યું છે : "પછી તો માના સાન્નિધ્યમાં અગિયાર મહિના રહ્યો. દરમિયાન માનો જે સહવાસ પ્રાપ્ત થયો તેણે એક વસ્તુની પૂરેપૂરી પ્રતીતિ કરાવી આપી કે મા આનંદમયી પોતે જ ભગવાન છે. તેમણે સ્વચ્છાપૂર્વક નારી રૂપે અવતાર લીધો છે. મને માનું એક પાસું તો એવું વિલક્ષણ લાગ્યું કે જે અન્ય કોઈ સદ્‌ગુરુમાં દૃષ્ટિગોચર થયું ન હતું. કેવળ ભગવાન શ્રીકૃષ્ણમાં જ મને તેનાં દર્શન થયાં હતાં. તે વિલક્ષણ વિશિષ્ટ માનું હૃદય પ્રેમતત્ત્વથી છલોછલ હતું."

આમ પ્રેમતત્ત્વે જ એમને માની સમીપ જકડી રાખ્યા.

ફ્રાન્સની બધી જ માલમિલકત છોડીને મા પાસે રહેવા લાગ્યા.

આથી મિત્રોએ પૂછ્યું : "તમે 'મા' માં એવું તે શું જોયું કે કુટુંબ, મિત્રો, દેશ, વ્યવસાય, સંપત્તિ બધાને છોડી દીધાં ? અને એકમાત્ર માનું શરણ સ્વીકાર્યું ?"

ઉત્તરમાં એમણે કહ્યું : "હું તમને શું કહું ? મા પાસેથી જે પામ્યો છું તેને વ્યક્ત કરવા મારી પાસે શબ્દ નથી. ફ્રાન્સના કોઈ બાળકને કેરી ખવડાવીએ અને પછી કેરીના સ્વાદ વિશે પૂછીએ તો એ શું કહે ? મૌન જ રહેને ! મારી પણ એવી જ સ્થિતિ છે."

માએ પણ પોતાના શરણમાં આવેલા આ બાળકને નવો આધ્યાત્મિક જન્મ આપ્યો ને 'વિજયાનંદ' નામ આપ્યું.

પછી તો એ હંમેશ માટે મા પાસે જ રહી ગયા.





## 'સત્યાનંદ નામ રાખે તો કેવું સારું !'

એબિસિનિયાના મંત્રીમંડળમાં કામ કરી રહેલા ફ્રેન્ચ સજ્જન મિ. હેન્રી પેતિતે મા આનંદમયીનું નામ સાંભળ્યું અને તેમના અંતરમાં માને જોવાની ઝંખના જાગી. ધીમે ધીમે એ ઉત્કટ બની ગઈ. તેમને થયું કે માનાં દર્શન કર્યા વગર તો હવે રહી શકાશે જ નહીં. આથી એડિસઅબાબાથી કાશી આવ્યા. માનાં દર્શન કરી વિભોર બની ગયા. એવું જ લાગ્યું છે કે જાણે મા જ બોલાવી રહ્યાં હતાં. પેતિતને ન તો અંગ્રેજી આવડે કે ન તો હિન્દી આવડે. માને ન તો ફ્રેન્ચ આવડે છતાં બંને વચ્ચે થતું આદાનપ્રદાન અદ્‌ભુત હતું. પેતિત માની સામે આંખો બંધ કરીને બેસતા. થોડીવારમાં તો માના પ્રેમપ્રવાહમાં એવા પરિપ્લાવિત બની જતા કે આંખમાંથી આંસુની ધાર ચાલવા લાગતી. મા પણ કંઈ બોલ્યા વગર ચુપચાપ નીરખી રહેતાં. આમ એક શબ્દના પણ ઉચ્ચારણ વગર પેતિતની ચેતના બદલાવા લાગી. માંસ-મદિરા-માછલી બધું જ છૂટી ગયું. અંદરથી પણ બધું બદલાવા લાગ્યું. અંતરમાં શાંતિનો અનુભવ થવા લાગ્યો. સતત એક સહજ આનંદની સ્થિતિમાં તે રહેવા લાગ્યા. આ સ્થિતિમાં હવે અંતરમાંથી એવું થવા લાગ્યું કે, મા હવે નવું નામ આપે તો કેવું સારું !

એવામાં એક દિવસ માએ કુમારી બ્લેન્કાને કહ્યું :

"પેતિતને આપણે સત્યાનંદ કહીએ તો કેમ !"

ત્યારે બ્લેન્કાએ કહ્યું : "મા, એ તો બરોબર છે, પણ પેતિત કહેતા હતા કે પહેલાં યોગસાધના કરતો હતો અને હવે માનો ભક્ત બન્યો છું. અહીંના ભજનકીર્તનના શબ્દોનો અર્થ ભલે મને સમજાતો નથી. પણ તેનો ભાવ મારા હૃદયમાં વ્યાપી રહે છે, ને આંખોમાંથી આંસુ વહેવા લાગે છે."

"તો તો પછી પ્રેમાનંદ જ નામ આપવું જોઈએ. પણ એમ કર, પેતિતને જ પૂછી જો કે તેને કયું નામ ગમશે – સત્યાનંદ કે પ્રેમાનંદ ?"

પેતિતને પૂછીને તેણે કહ્યું : "મા, મારી વાત સાંભળીને પેતિતને ખૂબ આશ્ચર્ય થયું. ગઈકાલે જ એમને વિચાર આવ્યો હતો કે, "મા મારું નામ 'સત્યાનંદ' રાખે

તો કેવું સારું !" અને આપના મુખે પ્રથમ 'સત્યાનંદ' નામ આવ્યું છે તો એ જ રાખો."

આમ પેતિત માના બાળક સત્યાનંદ બનીને મા પાસે રહી ગયા.

પહેલાં તેઓ ધ્યાનયોગનો અભ્યાસ કરતા હતા. ધ્યાનમાં બેભાન બની જતા. જમીન પર પછડાઈ પડતા. મા પાસે આવ્યા અગાઉ આવું બધું થતું રહેતું. આ વિશે માને કુમારી બ્લેન્કા મારફત જણાવ્યું હતું. ત્યારે માએ કહ્યું : "ધ્યાન તેને સ્વાભાવિક માર્ગ લઈ જતું નથી. આ પ્રકારનુ ધ્યાન સાધકને જડતાને માર્ગે દોરી જાય છે. સાધકે ધ્યાનાવસ્થામાં પણ પોતાની સત્તાને સજાગ રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ. જો ધ્યાન એની સ્વાભાવિક ગતિએ થાય તો ઉત્તમ છે. એને પરિણામે સંસાર પ્રત્યેની સાધકની આસક્તિ ઓછી થવા માંડે છે. પણ ધ્યાનની આ અવસ્થા ન આવે તો એ જડતાની મનોદશા સર્જે છે. એનું રોગમાં રૂપાંતર થાય છે. માટે હું કહું છું કે જપ કરો, જપમાં આ પ્રકારનો ભય નથી. જપ જ સાધકને સાચા સહજ ધ્યાન તરફ દોરી જશે. જપમાં કોઈ પણ પ્રકારની વિપરીત અસરનો ભય છે જ નહિ."

માએ ધ્યાનની વિપરીત અસરોમાંથી બચાવીને ભક્તિમાર્ગે વાળી દીધા. પછી તો હૃદય એવું ભાવવિભોર બની જતું કે મા માટે આંસુ સારવા લાગતા. એમણે પોતે જ કહ્યું હતું : "મારી જનેતા માટે મને ખૂબ પ્રેમ હતો. પણ તેનું મૃત્યુ થયું ત્યારે મારી બુદ્ધિએ સમજાવી દીધું હતું કે મૃત્યુ અનિવાર્ય છે. એમાં રડવાનું ન હોય. અને હું રડ્યો ન હતો. પણ મા આનંદમયીને મળ્યા પછી એમના માટે નિરંતર આંસુ વહ્યા કરે છે. મારે માટે આ નવી નવાઈનો અનુભવ છે !"

માના સાન્નિધ્યમાં રહ્યા પછી ધીમે ધીમે તેમનું આંતર અને બાહ્ય સ્થિર થવા લાગ્યું. પછી માના સાન્નિધ્યમાં આધ્યાત્મિક યાત્રા ખૂબ ઝડપથી ચાલવા લાગી.





# માની વિદેશની પ્રતિનિધિ બ્લેન્કા

કુ. બ્લેન્કા સંગીતકાર હતી. ઓસ્ટ્રિયામાં રહેતી હતી. અંતરમાં સાચા જ્ઞાનની ઝંખના પ્રજ્જ્વળતી હતી. એની ઝંખના જ એને ભારત ખેંચી લાવી. આધ્યાત્મિક જ્ઞાન મેળવવા ભારતના બધાં તીર્થસ્થળોમાં ઘૂમી વળી હતી. અનેક સાધુસંતોને મળી. ફરતી ફરતી મા આનંદમયીનાં દર્શને આવી. માનાં દર્શન થયાં ને માની સાથે સત્સંગ પણ થયો.

તેને લાગ્યું કે મા જ તેના સાચા આધ્યાત્મિક ગુરૂ છે. એટલે મા પાસે રહેવાની અનુમતિ માગી. તે મળતાં મા પાસે જ રહી ગઈ.

માએ આધ્યાત્મિક નામ આપ્યું 'આત્માનંદ'; કેમકે, આત્માના સહજ ભાવમાં જ તે રહેતી હતી. તેના મધુર સ્વભાવ અને ઉદાત્ત ગુણોને લીધે તે સર્વની પ્રીતિપાત્ર બની ગઈ હતી.

પોતાના યુરોપિયન મિત્રોને તેણે માનો પરિચય કરાવ્યો હતો.

ઘણાને માના સાન્નિધ્યમાં પણ મૂકી આપ્યા હતા.

યુરોપમાં માના પ્રતિનિધિનું કામ કર્યું હતું. કેટલાયની જીવનની વિકટ સમસ્યાઓમાં માના માર્ગદર્શન દ્વારા સહાય કરી હતી. કેટલાયનાં અશાંત જીવનમાં માની કૃપા ઉતારી હતી. કેટલાય દુઃખીજનોને માના આશીર્વાદ અપાવી સાચા સુખને રસ્તે વાળ્યા હતા. માના આશ્રમમાં આવતા વિદેશીઓને પણ તે ઘણી જ સહાયરૂપ બનતી. માની કૃપાથી તે જેને ઝંખતી હતી તે આનંદ તેને પોતાના અંતરમાં જ પ્રાપ્ત થઈ ગયો હતો. અને તેથી આનંદની સહજ સ્થિતિમાં રહીને તે માનું કાર્ય કરતી રહી.



## ‘મા, મને પ્રસાદી મોકલો !’

બ્લેન્કા જ્યારે ઓસ્ટ્રિયા ગઈ ત્યારે પોતાની બહેનપણી મિરિયમને માની વાતો કરી. વાતો સાંભળતાં સાંભળતાં જ મિરિયમના અંતઃચક્ષુ સમક્ષ માની આકૃતિ પ્રગટ થવા લાગી. એનું અંતર મા પ્રત્યે અપાર ખેંચાણ અનુભવી રહ્યું. પછી માનાં પ્રત્યક્ષ દર્શન કરવાની પણ તીવ્ર ઈચ્છા થવા લાગી. પણ એમ ભારત આવવું તેને માટે સહેલું નહોતું. માના ફોટા સમક્ષ વારંવાર પ્રાર્થના કરવા લાગી કે, મા તમારાં દર્શન થાય એ માટે વ્યવસ્થા ગોઠવી આપો. તેના હૃદયની ઉત્કટ પ્રાર્થનાને પરિણામે સ્વપ્નમાં તો માનાં દર્શન થયાં, પણ હજી પ્રત્યક્ષ દર્શનના સંયોગો ગોઠવાતા નહોતા. તેનાથી ભારત અવાય તેમ ન હતું. તેમ તેમ તેના અંતરમાંથી મા પ્રત્યે તીવ્રપણે પ્રાર્થના થવા લાગી.

એમાં માનસશાસ્ત્રની કોન્ફરન્સમાં તેને ચીનના પાટનગર બેઈજીંગમાં આવવાનું થયું. ત્યાંથી ભારત આવવાની તક ઝડપી લીધી. માનાં ખાસ દર્શન માટે જ તે ભારતમાં આવી ત્યારે મા જગન્નાથપુરીમાં હતાં. એટલે સીધી ત્યાં જ પહોંચી. અને માને મળવા દોડી જ ગઈ. મા ત્યારે પાટ પર બેઠાં હતાં. દસ દસ વર્ષથી માને મળવાની તેની ઉત્કટ ઈચ્છા સાકાર થવાની ક્ષણે તે એકદમ ભાવાવેશમાં આવી ગઈ. તે દોડતી મા પાસે ગઈ ને માના બે હાથ પકડીને પોતાના મસ્તક પર મૂક્યા ને તે ધ્રુસકે ધ્રુસકે રડી પડી. પછી શાંત થતાં, માના બંને હાથોને વારંવાર ચૂમતી રહી. પછી માનાં ચરણોમાં ઢળી પડી.

મા પણ મિરિયમના અંતરના ભાવોને ઝીલતાં રહ્યાં ને તેને ખાલી કરતાં રહ્યાં. પછી માની પાસેથી વિદાય થઈ ત્યારે તો તે આનંદથી છલોછલ છલકાઈ ગઈ હતી. પોતાના દેશમાં પાછી ગઈ તોપણ ત્યાં હવે એવું લાગતું હતું કે જાણે બધો જ વખત મા તેની સાથે જ હતાં. તે માની સાથે વાતો કરતી હોય તેવું અનુભવતી હતી. તેણે બ્લેન્કાને પત્રમાં લખ્યું : “મારા વતી માને આજીજીપૂર્વક પ્રાર્થના કરજે, કે તેમના સ્મૃતિચિહ્ન રૂપે કંઈક એવી વસ્તુ-પ્રસાદી મને મોકલે કે જેને હંમેશ મારી સાથે રાખી શકું.”

તેની પ્રાર્થના સ્વીકારીને માએ પોતાના માથાના વાળ પ્રસાદી તરીકે મોકલ્યા. સાથે એક ગુલાબનું ફૂલ પણ. આમ મિરિયમને માના ભૌતિક શરીરના અવશેષરૂપ વાળ અને પુષ્પ બંને પ્રસાદીરૂપે મળ્યાં, જે તેણે કાયમ સાચવીને રાખ્યાં.





## અસ્તિત્વનું નવું પ્રકરણ ઊઘડ્યું

જર્મનીની નવલકથાકાર મેલિતા મેસવાન એક જાજરમાન સ્ત્રી હતી. તેનું આગવું વ્યક્તિત્વ હતું. પોતાના સ્વતંત્ર વિચારો હતા. તે કદી કોઈને નમતી નહિ. તેણે પોતે જણાવ્યું હતું કે, “મારા માટે કોઈને ય નમવાનું શક્ય નથી. મનથી એની કલ્પના પણ કરી શકતી નથી.”

પછી તે ભારત આવી અને તેણે કનખલ આશ્રમમાં માનાં દર્શન કર્યાં ત્યારે તેનું આગવું અસ્તિત્વ અને સ્વતંત્ર વિચારો બધું જ અલોપ થઈ ગયું. તે સમયે તેને જે અનુભવ થયો તેની વાત તેણે આ રીતે આલેખી છે : *“મા આનંદમયી કનખલમાં મારી સમક્ષ આવીને ઊભાં રહ્યાં ને કોણ જાણે મને શું યે થયું કે તુરત જ મારા ઘૂંટણ વાળીને, નમીને પગે લાગી. પછીની ક્ષણોમાં જે અનુભૂતિ થઈ તે શબ્દોમાં વર્ણવી શકું તેમ નથી. એમ લાગ્યું કે જાણે વડનું વિશાળ વૃક્ષ ધીરે ધીરે આગળ વધીને મારી સમક્ષ આવી રહ્યું છે. મા મારી સમક્ષ આવી ઊભાં ત્યારે લાગ્યું કે મારા અસ્તિત્વનું નવું પ્રકરણ ઊઘડી રહ્યું છે. તેમને જોઈને લાગ્યું કે તેઓ પરાવૈજ્ઞાનિક (સુપર-પર્સનલ) છે, અહંશૂન્ય છે. ગંગા જેવાં પવિત્ર અને હિમાલય જેવા ઉચ્ચ છે. સારાં-નરસાંથી પર એવાં માનાં દર્શનથી હું તો જાણે ભાવસમુદ્રમાં ડૂબી જ ગઈ અને ત્યાં બેસી પડી. ત્યાં એક ગામડાની સ્ત્રી આવી. તેનાં વસ્ત્રો ખૂબ મેલાં હતાં. વળી તેમાંથી વાસ પણ આવતી હતી. આંખે તે દેખતી પણ ન હતી. પણ તે મા પાસે આવી. માએ તેનું માથું હાથમાં લીધું ને પોતાના મસ્તકને અડાડ્યું. ઘણીવાર સુધી તેમણે તેની સાથે વાતો કરી. મા તેની વાતો કાન દ્વારા નહીં પણ સમગ્ર અસ્તિત્વ દ્વારા સાંભળતાં હતાં. માનાં દર્શનથી મારું આંતર-બાહ્ય બધું શાંત થઈ ગયું. હું પરિવર્તન પામી. આ વસ્તુ સ્વયં મારા માટે રહસ્યમય હતી. પછી અનુભવવા લાગી કે માના શરીરમાંથી દિવ્ય જ્યોતિ પ્રગટ થાય છે. મા મનુષ્યરૂપે નથી. અખિલ વિશ્વની મૂળ સત્તાનું એ ઉત્પત્તિ કેન્દ્ર છે. જગતની આધારભૂત સત્તામાં મા વિદ્યમાન છે. એ ગુણાતીત છે. બધાથી પર છતાં બધામાં વ્યાપ્ત. માની અલૌકિક શક્તિઓ તેમના ચમત્કારોમાં નહીં પણ અસ્તિત્વમાં ઓતપ્રોત*

છે. તેમનું કોઈ પણ કાર્ય પોતા માટે થતું નથી; અન્ય લોકો માટે જ થાય છે. એ કરુણામૂર્તિ છે. મા પોતાના માટે નહીં, આપણા સહુના માટે જીવે છે. આવું આવું ચિંતન હું કરી રહી હતી. એટલામાં મા અમારી પાસેથી પસાર થયાં. તેઓ બહાર લટાર મારી રહ્યાં હતાં. ત્યારે મને એવી અનુભૂતિ થઈ કે જાણે પોતાના હજાર હાથોથી હજારો લોકોમાં સ્વયંને વહેંચી રહ્યાં છે. મા પ્રત્યે દૃષ્ટિપાત કરતાં કરતાં મારું મન ભગવાન તરફ વળ્યું. કૃતજ્ઞતાના ભાવથી હું અભિભૂત થઈ ગઈ. ઉરના ઊંડાણમાં એવો અનુભવ થયો કે ભગવાને મારૂપે સાક્ષાત્ દર્શન આપ્યાં છે. મને રોમાંચ થઈ ગયો.'

પછી તો માએ એમને પ્રેમપૂર્વક પાસે બોલાવ્યાં ને વાર્તાલાપ પણ કર્યો. એ વિશે પણ લખ્યું છે કે, ''માની સાથે વાર્તાલાપ કરતાં એવું લાગ્યું કે જાણે ભગવાનની સાથે મારી ઘનિષ્ટતા સ્થપાઈ ગઈ છે. માએ વહાલથી માથે હાથ મૂક્યો. હું આનંદથી રણઝણી ઊઠી. એક જૈન દાર્શનિકે કહ્યું છે : ''જો દિવ્ય પુરુષ સુક્કી ડાળને સ્પર્શ કરે તો તેમાં પરમ તાજાં ફૂલ ખીલે.' મારું પણ કંઈક એવું જ થયું.''

આવી તો કેટકેટલીય સુક્કી ડાળોને સ્પર્શ કરીને માએ તેના પર તાજાં ફૂલ ખિલાવીને તેમને મઘમઘિત અને સદાબહાર ચૈતન્યમાં મૂકી દીધી હતી !

એ કરવા માટે જ તો માએ દેહ ધર્યો હતો '







## 'નો બાઉન્ડ્રીઝ !'

મિ. આર્નોડ ડેસજાર સિંગ ફ્રાન્સમાં રહેતા હતા. એમના અંતરમાં આધ્યાત્મિક રહસ્યોને જાણવાની ઈચ્છા જાગી. તેમને થયું કે આ ઈચ્છાની પૂર્તિ તો ભારતમાં જ થઈ શકશે; એટલે પોતાની મોટરકાર લઈને ભારત આવવા નીકળ્યા. સ્વિટ્ઝર્લેન્ડ પહોંચ્યા ને ત્યાં એક ગામડામાં રાતવાસો કર્યો, તાજેતરમાં જ ભારતથી પાછી આવેલી બે યુરોપિયન સ્ત્રીઓની ત્યાં મુલાકાત થઈ.

વાતચીત દરમિયાન પૂછ્યું : ''ભારતમાં એવી કોઈ આધ્યાત્મિક વ્યક્તિ છે ખરી કે જેમને મળવાથી સાચા ભારતનું જ્ઞાન મળે ?''

''હા, મા આનંદમયી એવી વ્યક્તિ છે. તમે એમને જરૂર મળજો.'' તેમાંની એક સ્ત્રીએ કહ્યું. આમ માર્ગમાં જ એમને મા આનંદમયી વિશે જાણવા મળ્યું. પણ પાશ્ચાત્ય સંસ્કારોથી ઘડાયેલા તેના બુદ્ધિવાદી મને એક આધ્યાત્મિક સ્ત્રી-સંતનો સ્વીકાર કર્યો નહીં. તે સ્ત્રીઓએ તો અતિ ઉત્સાહથી ને ભાવથી મા વિશે તેને કહ્યું હતું એટલે તેમની સમક્ષ તો તેણે કોઈ જ પ્રતિભાવ આપ્યો નહીં. તે મૌન જ રહ્યો. પણ મૌનમાં મા આનંદમયીને મળવા જવાનો વિચાર સેવ્યો નહીં. પછી પ્રવાસ કરતાં કરતાં તે ભારતમાં આવ્યા અને હરદ્વાર ને હૃષીકેશ ગયા. ત્યાં સ્વામી શિવાનંદજીને મળ્યા. તેમની સાથે ઘણી વાતો કરી. પછી તેમને થયું કે સ્વામીજી તેમને મા વિશે સાચી જાણકારી આપી શકશે. આથી તેમણે સ્વામીજીને પૂછ્યું : ''મા આનંદમયી કોણ છે ?''

''એ એક એવું ફૂલ છે, જે ભારતની માટીમાં ખીલેલાં બધાં જ ફૂલોમાં સૌથી વિશેષ પરિપૂર્ણ છે.''

સ્વામી શિવાનંદજીને મુખે મા વિશે આવો ઊંચો અભિપ્રાય સાંભળ્યા પછી નક્કી કર્યું કે, હવે તો માને મળવું જ જોઈએ.

પછી ત્યાંથી સીધા તે માના દર્શને પહોંચી ગયા. માનાં દર્શન કરતાં થયું કે સ્વામીએ કરેલી વાત સાવ સાચી છે. મા પરિપૂર્ણ છે.

પછી તો થોડા દિવસ માના સાન્નિધ્યમાં રોકાયા. મા પાસેથી નવું જીવન મળ્યું. પેરિસ પાછા જવાનું હતું ત્યારે માને પ્રણામ કરી આશીર્વાદ લેવા મા પાસે ગયા.

માએ કહ્યું : 'હું ક્યારેય કોઈનાથી દૂર નથી. આખું વિશ્વ મારો આશ્રમ છે.'' પેરિસમાં પણ જાણે મા તેમની સાથે છે એવી અનુભૂતિ આર્નોલ્ડને અનેક વાર થતી રહી.

થોડો સમય પેરિસ રોકાઈ મા પાસે પાછા આવ્યા.

થોડા દિવસ માનાં સાન્નિધ્યમાં ગાળ્યાં.

આ વખતે જતી વખતે તો માએ કહ્યું : ''નો બાઉન્ડ્રીઝ, નો બાઉન્ડ્રીઝ. પેરિસ, આશ્રમ, પેરિસ આશ્રમ એક, વન, એક-વન.''

માએ અંગ્રેજી શબ્દોનું ઉચ્ચારણ કરીને સમજાવી દીધું કે દિવ્ય ચેતનાને કોઈ સીમાડા હોતા જ નથી. માએ એવી રીતે આ કહ્યું કે જાણે તેના મનમાંથી સ્થળ-કાળથી મર્યાદા ભૂંસાઈ ગઈ. એવું લાગ્યું કે મા તો વ્યાપક છે. એ પછી સર્વત્ર માની હાજરીનો અનુભવ કરતા કરતા પેરિસ પહોંચી ગયા.

> **ઘણીવાર એવું બને છે કે, આ શરીર પાસે રોગોની મૂર્તિઓ આવે છે. તેઓ આ શરીરમાં પ્રવેશે છે પણ ખરી, અને કેટલાક સમયગાળા સુધી ખૂબ ખેલ કરે છે. આ શરીરનો તો એ સ્વભાવ જ છે કે, કોઈને આમંત્રણ પણ ન આપવું અને કોઈને જાકારોય ન દેવો. જેમ તેમ અહીં છો, તેમ માંદગી પણ આવે છે. તમે સારી રીતે જાણો છો કે, તમને દૂર હડસેલી દેતું નથી. તો પછી તે તેમના પ્રત્યે પણ શા માટે જુદી રીતભાતનું માપ દાખવે ?**
>
> **- 'શ્રી શ્રી મા'**





## 'પોર બેબી !'

માને તો દેશી કે વિદેશી, પરાયું કે પોતાનું, એવો કોઈ ભેદ હતો જ નહીં. અંતરના પ્રેમથી પોકારે તેઓ માને પામી શકતા હતા – પછી તે ફ્રેન્ચ હોય કે અમેરિકન હોય કે ભારતીય હોય, નાના હોય કે મોટા હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય, ગરીબ હોય કે શ્રીમંત હોય. માનો પ્રેમ દરેકના અંતરના પોકાર પ્રમાણે વ્યક્ત થતો રહેતો. એકવાર એક અમેરિકન દંપતી માના દર્શને આવ્યું. પ્રણામ કરી માના ઓરડામાં બેઠાં. ત્યાં સત્સંગ ચાલતો હતો. તેમાં પણ બંને બેસી રહ્યાં.

સત્સંગ પછી જવા માટે માની રજા લીધી. ત્યારે માએ પોતાના શરીર પર હાથ ફેરવીને તેમને કહ્યું : 'પોર બેબી !'

આ શબ્દો સાંભળી પેલા અમેરિકન ભાઈ એકદમ ભાવવિભોર બની ગયા. તેઓ મા પાસે આવ્યાં.

જાણે સાચે જ મા એમનું બાળક બની ગયાં !

પોતાના બાળકને વહાલ કરતાં હોય એ રીતે તે અમેરિકને માની પીઠ પર પ્રેમથી હાથ ફેરવ્યો ને નાના બાળકની જેમ માને વહાલથી ચૂમી પણ ભરી લીધી ! ત્યાં તો બહાર નીકળી ગયેલાં તેમનાં પત્ની પણ ત્યાં આવી પહોંચ્યાં. તેમણેય માને ચૂમીઓ ભરી. મા કંઈ જ બોલ્યાં નહીં. બંનેનાં વાત્સલ્યભાવને આનંદપૂર્વક ઝીલતાં રહ્યાં.

એ અમેરિકન દંપતી આનંદવિભોર બની મા પાસેથી પાછું ફર્યું.

તેમના ગયા પછી માએ કહેલું : ''આ શરીરને એનાં માતાપિતાએ પણ કદી આવી રીતે ચૂમી ભરી નથી.'' જે સદ્ભાગ્ય માતાપિતાને નહોતું મળ્યું તે એક અમેરિકન દંપતીને મળ્યું !



# 'સમજતું તો કોઈ નથી !'

તે વખત મા વારાણસીના આશ્રમમાં હતાં. સાંજનો સમય હતો. મા પાસે બધાં બેઠાં હતાં ને મા વાતો કરી રહ્યાં હતાં.

એક ફ્રેન્ચ ભક્ત પણ આવીને બેસી ગયો.

મા તેને કશુંક સમજાવવા લાગ્યાં. પણ મા હિન્દીમાં બોલતા હતાં.

તે ફ્રેન્ચ હિન્દી બિલકુલ સમજતો ન હતો.

આથી ત્યાં બેઠેલા માના ભક્તે કહ્યું : "મા, એ કંઈ તમારી ભાષા સમજતો નથી. એની આગળ આ રીતે વાર્તાલાપ કરવો નિરર્થક છે."

ત્યારે માએ કહ્યું : "સમજતું તો કોઈ નથી."

માને મુખે આવી સ્પષ્ટ વાત ખરેખર કેટલા ભક્તો સમજી શક્યા હતા ?

માએ તો કહેવાનું ચાલુ રાખ્યું.

પછી તે ફ્રેન્ચને પૂછવામાં આવ્યું : "તને ખરેખર કંઈ સમજાયું ?"

તો તેણે જણાવ્યું : "સમજાયું કે નહીં તે જાણતો નથી. પણ ત્યારે એવું લાગતું હતું કે જાણે મા મને અંદરથી ખાલી કરી રહ્યાં છે અને એ ખાલી જગ્યામાં અલૌકિક આનંદને ભરી રહ્યાં છે. ને આ આનંદ એવો અવર્ણનીય છે કે એની કલ્પનામાત્રથી રોમાંચ અનુભવું છું."

તેના ચહેરા ઉપર તરવરતો એ અલૌકિક આનંદ જોઈને બધાંને થયું કે સાચે જ માએ તેને આનંદથી ભરી દીધો છે.





# એ છે દિવ્ય જ્યોતિ

"સ્વામીજી, તમે આ આનંદમયીનાં દર્શન જરૂર કરજો. મારી આટલી જિંદગીમાં આવી આધ્યાત્મિક વ્યક્તિને હજુ સુધી હું મળ્યો નથી. એમની હાજરીમાં મને લાગ્યું કે તેઓ આ પૃથ્વીના મનુષ્ય નથી. પછી મેં આધ્યાત્મિક બાબતો અંગે પ્રશ્નો પૂછ્યા ત્યારે જરાય અચકાયા કે વિચાર કર્યા વગર, જે સહજતાથી ને સરલતાથી જવાબો આપ્યા ત્યારે તો એવું લાગ્યું કે હું જાણે દિવ્ય જ્ઞાનના ઝરાની સામે ઊભો છું. પછી તો, મેં ત્યારે પૂનાની ફર્ગ્યુસન કૉલેજના મારા તત્ત્વજ્ઞાન વિભાગના પ્રોફેસરો અને મિત્રોને માને કલકત્તા ખાસ મળવા માટે બોલાવી કહ્યું કે, જે સદાય દિવ્ય ચેતનામાં રહે છે એવી આધ્યાત્મિક વિભૂતિને તમે મળો ને પ્રત્યક્ષ નિહાળો કે મૂર્તિમંત દિવ્યતા કેવી હોય છે."

કલકત્તા યુનિ.ના તત્ત્વજ્ઞાન વિભાગના અધ્યક્ષ અને વિદ્વાન પ્રોફેસર ડૉક્ટર મહેન્દ્રનાથ સરકારે શિવાનંદ આશ્રમના સ્વામી ચિદાનંદજીને મા વિશે વાત કરી ત્યારે તેમને એવું લાગ્યું કે કોઈ વ્યક્તિની વાત નથી સાંભળી રહ્યા પણ પૃથ્વી ઉપર ભાગ્યે જ જોવા મળતા દિવ્ય વ્યક્તિત્વની વાત સાંભળી રહ્યા છે.

એ સાંભળતાં જ તેમને પણ દિવ્ય રોમાંચની અનુભૂતિ થઈ આવી.

ત્યારથી જ તેઓ માનાં દર્શન કરવા ઉત્સુક હતા.

પણ એ તક છેક ત્રણ વરસ પછી મળી.

તે વખતે ચિદાનંદજીને મેલેરિયા તાવ આવતો હતો. એટલે તેમના ગુરુદેવ સ્વામી શિવાનંદજીએ એક ડૉક્ટર ભક્તને ત્યાં સારવાર માટે નાગપુર મોકલ્યા. ત્યાં બે મહિના રહ્યાં અને મેલેરિયામુક્ત બન્યા.

ત્યાંથી કાશી જવા માટે ગુરુદેવની પરવાનગી મંગાવી.

તે મળતાં કાશી આવી પહોંચ્યા. ત્યાં દસેક દિવસ રોકાયા.

એક દિવસ સંન્યાસી ગુરુભાઈએ તેમને કહ્યું :

"અહીં ભદૈનીમાં મા આનંદમયીનો આશ્રમ છે. હમણાં મા અહીં જ છે. માના દર્શને જઈશું ?"

માને મળવાની ઇચ્છા તો કેટલાય સમયથી અંતરમાં હતી. એટલે તુરત જ આતુરતાપૂર્વક તૈયાર થઈ ગયા. તેમના એ સંન્યાસી ગુરુભાઈ માના આશ્રમમાં લઈ આવ્યા. તે સમયે મા સાવિત્રી મહાયજ્ઞ કરાવી રહ્યાં હતાં. તેનો પવિત્ર અગ્નિ વિંધ્યાચલના આશ્રમમાંથી આવ્યો હતો. આ એ અગ્નિ હતો કે જે માએ સિદ્ધેશ્વરીમાં પ્રથમ યજ્ઞવેદીમાં પૂજા કરી ત્યારે પ્રગટાવ્યો હતો. તે અગ્નિ સુરક્ષિત રીતે વિંધ્યાચલ આશ્રમમાં સાચવી રખાયો હતો. આ પૂજાઉત્સવમાં અનેક ભક્તો-સંતો-મહંતો આવ્યા હતા. મા યજ્ઞકાર્યમાં રોકાયેલાં હતાં. બંને સ્વામીજીઓનો આદરસત્કાર કરવામાં આવ્યો. પછી બંનેને મા પાસે લઈ જવામાં આવ્યા.

જ્યારે માએ જાણ્યું કે સ્વામી ચિદાનંદજી હૃષીકેશના શિવાનંદ આશ્રમમાંથી આવે છે ત્યારે પૂછ્યું : "પિતાજી કેમ છે!"

એ પછી ચિદાનંદજી સાથે સાધના અંગે થોડી વાતો કરી.

માએ પ્રસાદ ને આશીર્વાદ આપ્યા.

જ્યારે બંને સ્વામીઓએ માની વિદાય લીધી ત્યારે માએ બંને હાથ ઊંચા કરી, હાથ જોડી કહ્યું :

"પિતાજીને (સ્વામી શિવાનંદને) મારા પ્રણામ કહેજો."

માની આ પ્રથમ મુલાકાત વિશે સ્વામી ચિદાનંદજી લખે છે :

"મારા માટે આ મુલાકાત જાણે પૃથ્વીથી દૂરના કોઈ પવિત્ર પ્રદેશની મુલાકાત હોય એવી બની રહી. માનો દેખાવ કે માની આકૃતિ પ્રત્યે મારું ધ્યાન નહોતું, પણ માની સઘન હાજરીમાં હું નિમગ્ન બની ગયો હતો. મારી આ પ્રથમ મુલાકાતથી જ મા મારા માટે કોઈ વ્યક્તિ નહીં પણ અવૈયક્તિક હાજરી બની રહ્યાં. માની આજુબાજુનું વાતાવરણ દિવ્ય હતું, એમની ચેતના કાલાતીત હતી. માની પ્રત્યક્ષ હાજરીમાં આવનાર તેની નિમ્ન ચેતનામાંથી ઉપર ઊઠી જતું."

પછી તો સ્વામી ચિદાનંદજીનો મા સાથેનો સંપર્ક વધુ ને વધુ ગાઢ બનતો રહ્યો. મા વિશે જણાવ્યું હતું કે મા વિશે વિદ્વાનો, સાધુ, સંતો કંઈ પણ કહે, કંઈ પણ હૃદયના ભાવો વ્યક્ત કરે તો તેઓ 'હા' કે 'ના' કંઈ કહેતા નહીં. તેનો સ્વીકાર કે અસ્વીકાર પણ કરતાં નહીં. કોઈ સમયે મૃદુતાથી કહેતાં : 'બાબા, એમ તો તમે કહો છો, પણ હું જે છું તે છું. તમે તમારી જાતને ઓળખો તો મનેય ઓળખશો. તમે પોતાને ઓળખશો પછી મને ઓળખવાની જરૂર નહીં પડે.' આ છે મા. આ માનવસૃષ્ટિ પર પ્રકાશી રહેલી દિવ્ય જ્યોતિ અને પૃથ્વી પરનું દિવ્ય તેજ.





## 'આ શરીર અવ્યક્ત તરફ ખેંચાય છે !'

અગરતલામાં ભક્તોએ મા માટે શ્રીમા આનંદમયી આશ્રમ બાંધ્યો. તેમની ઇચ્છા હતી કે માની ચરણધૂલિથી આશ્રમ પાવન થાય અને માને હાથે જ ઉદ્ઘાટન સંપન્ન થાય. પણ માનું અગરતલા જવાનું ગોઠવાતું નહોતું. પછી માને થયું કે ભક્તોની આટલી બધી પ્રાર્થના છે તો હવે ત્યાં જઈ આવવું જ જોઈએ. તેથી, અસ્વસ્થ તબિયત હોવા છતાંય, તેમણે ત્યાં જવાનું નક્કી કર્યું.

૩૦ માર્ચ ૧૯૮૨ના રોજ મા અગરતલા આવી પહોંચ્યાં. ૩૧મીએ સવારે અગરતલાના આશ્રમમાં આવ્યાં. ત્યાં નવી કુટિયાનું ઉદ્ઘાટન કર્યું. વૃંદાવનથી માએ શ્વેત આરસની સરસ્વતીની એક સુંદર મૂર્તિ લીધી હતી અને નર્મદાથી શંકરનું લિંગ લીધું હતું. તે બંને અહીં સાથે લાવ્યાં હતાં. અહીં આશ્રમમાં બંનેની સ્થાપના કરી ભક્તોને કહ્યું :

"આ શરીર તો અહીં નહિ રહે. મારા વતી બ્રહ્મવિદ્યાદાત્રી સરસ્વતીને મારા ઓરડામાં રહેવા વિનંતિ કરી છે. તેઓ રહેશે. સામે વરંડામાં પ્રતિષ્ઠિત કરેલા ત્રિપુરારિ શિવ સૌને દર્શન આપશે."

આમ માએ પોતાને હસ્તે જ જ્ઞાનની દેવી સરસ્વતી અને કલ્યાણના દેવ શિવને પ્રતિષ્ઠિત કર્યા. વળી સરસ્વતીજીને તો ભક્તોએ પોતાના માટે ખાસ બંધાવેલા ઓરડામાં પ્રતિષ્ઠિત કર્યા. જેથી ત્યાં આવનાર સર્વને જ્ઞાન મળતું રહે અને મંગલમય શિવ સર્વનું કલ્યાણ કરતા રહે.

આમ પોતાના દેહત્યાગ પહેલાં માએ ભક્તોની ઉત્કટ ઇચ્છાને પૂરી કરી. પોતાની શારીરિક અસ્વસ્થતાને ગણકાર્યા વગર, આટલી લાંબી મુસાફરીનું કષ્ટ પોતાનાં બાળકો માટે વેઠ્યું.

એ પછી મા કલકત્તા આવ્યાં. અહીં પણ ભક્તોની ભારે ભીડ જામી. પૂજા, ઉત્સવ, દર્શન, સત્સંગ, કીર્તનનો કાર્યક્રમ ચાર દિવસ ચાલ્યો. અસંખ્ય લોકોએ માના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા.

માએ પણ શરીરની અસ્વસ્થતાને ગણકાર્યા વગર, ભક્તોને દર્શન ને સત્સંગ કરાવ્યાં. મા તો જાણતા હતાં કે ફરીથી દેહરૂપે હવે કલકત્તા આવવાના નથી. તેથી જે કોઈ તેમના દર્શને આવ્યું તે સર્વને માએ પ્રેમ અને આનંદથી ભરી દીધાં.

૧૦મી એપ્રિલે મા પાછાં કનખલ આવ્યાં ત્યારે શરીર એટલું બધું અશક્ત થઈ ગયું કે, પથારીવશ થવું પડયું. આ સ્થિતિમાં ખોરાક કે દૂધ લેવાનાં છોડી દીધાં. તેઓ થોડુંક પાણી પીતા. બાકી કશું જ લેતાં નહીં. પછી તો એવી સ્થિતિ થઈ ગઈ કે પાણીની પણ ઊલટી થઈ જતી. પરિણામે શરીરમાં અશક્તિ ખૂબ વધી ગઈ. તેથી પહેલાંની જેમ હવે બધાંને દર્શન આપી શકતાં નહિ. માત્ર અંગતજનોને જ મા પાસે જવાની છૂટ હતી. પણ શિષ્યો-ભક્તો માનાં દર્શન કરી શકતાં ન હોવાથી ઘણું દુઃખ થતું હતું, એટલે પછી બારીમાંથી બધાં માનાં દર્શન કરી શકે એવી વ્યવસ્થા કરી. માની તબિયત સારી હોય તો પોતે જ ઝરૂખામાં આવીને ઊભાં રહેતાં ને નીચે ઊભાં રહેલાં બધાં જ ભક્તો માનાં દર્શન કરી શકતાં.

આ વખતે ગિરિમાના સંન્યાસ ઉત્સવમાં પણ મા હાજર રહ્યાં નહીં. પ્રત્યેક વર્ષે મા પોતાના માતાની સંન્યાસ-દીક્ષાનો ઉત્સવ ખૂબ ધામધૂમથી ઊજવતાં. પોતે સ્વયં એમાં હાજર રહેતાં. પણ આ વખતે પહેલી વાર પ્રત્યક્ષ રીતે હાજર રહી ન શક્યાં. એટલે બધાંને થયું કે માની સ્થિતિ સાચે જ ગંભીર છે. આવી નબળી તબિયત હોવા છતાંય મા કાનપુરમાં અતિરુદ્ર-યજ્ઞમાં બે દિવસ હાજર રહ્યાં ! પણ પછી એમના જન્મોત્સવના કાર્યક્રમમાં તે હાજર રહી શક્યા નહીં.

ત્યારે વરંડામાંથી જ માની આરતી ઉતારવામાં આવી હતી.

માના ઓરડામાં જ ભક્તોએ લાઈનમાં આવીને માનાં દર્શન કર્યાં.

એ પછી થોડા દિવસોમાં શૃંગેરી પીઠના જગદ્‌ગુરુ શંકરાચાર્ય મા પાસે આવ્યા. ત્યાં તેમનું પ્રવચન ગોઠવ્યું. મા પોતાની શારીરિક અશક્તિને ગણકાર્યા વગર જ એ પ્રવચનમાં લગભગ પિસ્તાળીશ મિનિટ સુધી મંચ પર બેઠાં હતાં. શંકરાચાર્યજીને ભાવપૂર્વક વિદાય આપી. એ દરમિયાન દહેરાદૂન આશ્રમમાં ભાગવત સપ્તાહનું આયોજન કરાયું. માએ ત્યાં જવાનું નક્કી કર્યું. તે દહેરાદૂન આશ્રમમાં આવ્યાં, પણ મંડપમાં બેસી સપ્તાહ સાંભળી શક્યા નહીં.

ઉપરને માળે ઓરડામાં સૂતાં સૂતાં જ ભાગવત-કથા સાંભળી.

ભક્તોને દર્શન પણ ત્યાં જ આપ્યાં.

કથાની પૂર્ણાહુતિ પછી માને જલદી સ્વાસ્થ્યલાભ મળે તે માટે નજીક આવેલા કલ્યાણવનની પંચવટીમાં લઈ જવાયાં. આ સ્થળ માને ખૂબ ગમ્યું. થોડો સમય ત્યાં રોકાયાં. પણ તબિયતમાં સુધારાનાં કોઈ ચિહ્ન જણાયાં નહીં. આથી બધા ખૂબ ચિંતિત બની ગયાં; કેમકે, માને કોઈ દવા તો આપી શકાતી નહોતી. અગાઉની બીમારીઓમાં મા પોતાના 'ખ્યાલ'થી જ સાજાં થઈ જતાં હતાં.

ભક્તોએ માને પ્રાર્થના કરી : 'આપ જલદીથી સાજા થઈ જાઓ.''

ઉત્તરમાં માએ જણાવ્યું : 'ખ્યાલ નથી આવતો. ભગવાન જે કરે.'



આમ પરોક્ષ રીતે તો માએ ભક્તોને જણાવી દીધું કે હવે આ શરીર ટકશે નહીં. પણ ભક્તોને આશા હતી કે માને જરૂર 'ખ્યાલ' જાગશે ને સાજા થઈ જશે.

મા દહેરાદૂન પાછાં આવતાં રહ્યાં.

ત્યાં શંકરાચાર્યજી માને ફરી મળવા આવ્યા.

તેમણે પણ પ્રાર્થના કરી : "મા, આપ જલદી સ્વસ્થ થઈ જાઓ."

ઉત્તરમાં માએ જણાવ્યું : 'આ શરીરને કોઈ રોગ નથી. આ શરીર અવ્યક્ત તરફ ખેંચાય છે. જે કંઈ જુઓ છો તે તેને અનુરૂપ ક્રિયા છે.'

માએ શંકરાચાર્યજીને પણ જણાવી દીધું કે, હવે તો આ સ્થૂલ શરીરની પણ અવ્યક્ત તરફ જવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.

છતાં માની આ વાતને શંકરાચાર્યે ગંભીરતાથી ન લેતાં કહ્યું :

"મા, આ વખતે દુર્ગાપૂજામાં શૃંગેરી પધારો એવી સહુની ઇચ્છા છે."

"આ શરીર ત્યાં સુધી રહેશે તો આ વરસે તો નવરાત્રિને પ્રસંગે કનખલ આશ્રમમાં જ રહેવાનું વચન આપ્યું છે."

માને મુખે આવી સ્પષ્ટ વાત સાંભળીને શંકરાચાર્યને હવે થયું કે માએ હવે જવાનો નિર્ણય કરી જ લીધો છે. એટલે મૌન ગંભીર બની ગયા. કંઈ જ બોલ્યા નહીં. છતાં અંતરમાં એવી ઇચ્છા હતી કે મા એકવાર જરૂર શૃંગેરી આવે. એટલે જતી વખતે પણ કહ્યું : "મા, દુર્ગાપૂજામાં નહીં તો ગમે ત્યારે, પણ એક વખત જરૂર શૃંગેરી આવો."

માએ કહ્યું : "આ શરીર આત્મરૂપે સદાય તમારી સાથે રહેશે."

આ રીતે માએ હવે સ્પષ્ટપણે શંકરાચાર્યજીને જણાવી દીધું કે, હવે હું શરીરમાં નહીં હોઉં.

માના આશીર્વાદ લઈ એ શૃંગેરી પહોંચ્યા.

અહીં માની તબિયત ઉત્તરોત્તર વધુ ને વધુ લથડતી ચાલી.

દરમિયાનમાં ઇંદિરા ગાંધી પોતાના પુત્ર રાજીવ અને પુત્રવધૂ સોનિયાને લઈને દહેરાદૂન માની ખબર લેવા ખાસ આવી પહોંચ્યાં.

ત્યારે મા પથારીમાં બેઠાં થયાં ને તેમની સાથે વાતો કરી.

એ પછી માએ કોઈની સાથે આ રીતે વાતો કરી ન હતી.

ઇંદિરાજીને આશીર્વાદ આપ્યા ને જે કંઈ કહેવાનું હતું તે કહી દીધું.

પણ ત્યારે ઇંદિરાજીને પણ ખબર નહોતી કે માનો આ અંતિમ ઉપદેશ છે ! માના આશીર્વાદ લઈને પાછાં દિલ્હી ગયાં.

હવે માને થયું કે અહીં દહેરાદૂનમાં રહેવું યોગ્ય નથી.

એટલે પોતાના ભક્તશિષ્ય પાનુ મહારાજને કહ્યું :

"પાનુ, હવે આ શરીરને અહીં રાખવું યોગ્ય નથી."

આથી પાનુદાને થયું કે મા કનખલ જવા ઇચ્છે છે. તેમણે પૂછ્યું : "મા, કનખલ જવું છે !"

"જો, આ શરીરને હવે ત્યાં લઈ જઈ શકાશે નહીં." આટલું બોલીને મા મૌન થઈ ગયાં. માને તો શરીર રહે કે ન રહે તે બંને સ્થિતિ સરખી જ હતી. પણ ભક્તો માના શરીરત્યાગની ઘટના સહેલાઈથી સ્વીકારી શકે તેમ નહોતા. એટલે એ વાતનું ઉચ્ચારણ કરવાનું આવતું ત્યાં મા મૌન બની જતાં.

મા હવે પોતાના શરીરને છોડી દેવાની જ તૈયારી કરી રહ્યાં હતાં.

પણ દહેરાદૂનના નાના આશ્રમમાં એ ઘટના બને તેવી માની ઇચ્છા નહોતી, એટલે પાનુદાને કહ્યું : "આ શરીરને કિશનપુર આશ્રમમાં લઈ જાઓ." માની ઇચ્છા પ્રમાણે માને કિશનપુર આશ્રમમાં લઈ જવાયાં.







## મહાસમાધિ

કિશનપુર આશ્રમમાં ઉપરના ઓરડામાં માની વ્યવસ્થા કરવામાં આવી. મા તો બ્રહ્મભાવમાં લીન રહેવા લાગ્યાં.

ભક્તોની ચિંતા બેહદ વધી ગઈ. હવે મા કશું બોલતા નહોતાં.

કંઈ પ્રવાહી પણ લેતાં નહોતાં. કોઈ દવા પણ નહીં, ને પાણી પીવાનું પણ ઓછું કરી નાંખ્યું હતું.

માને તો કશું ખવડાવી-પિવડાવી શકાય તેમ નહોતું.

મા જલદી સ્વસ્થ થાય તે માટે ભક્તો તો સતત પ્રાર્થના કરવા લાગ્યા. માની અસ્વસ્થ તબિયતના સમાચાર ફ્રાન્સમાં શિવાનંદ આશ્રમના અધ્યક્ષ સ્વામી ચિદાનંદજીને મળ્યા. તેમણે ફ્રાન્સથી ડૉ. ઉડુપ્પાને માની ચિકિત્સા માટે ખાસ મોકલ્યા. ડૉ. ઉડુપ્પા કાશી હિંદુ વિશ્વવિદ્યાલય ચિકિત્સાવિજ્ઞાન સંસ્થાનના ભૂતપૂર્વ ડાયરેક્ટર હતા.

તેમણે માને તપાસ્યા ને માના પથ્ય વિશે સૂચનાઓ આપી.

દવા તો મા લેતાં ન હતાં. આથી પથ્યમાં જ ફેરફાર કરી શકાય.

એ સિવાય બીજો કોઈ ઉપાય જ નહોતો.

તેમણે ફળોના જે રસ લેવાના કહ્યા તે પ્રમાણે માને ફળોનો રસ આપવાનું શરૂ કર્યું.

મુંબઈથી બી. કે. શાહે મુંબઈના પ્રખ્યાત ડૉક્ટર એસ.સી. શેઠને માને તપાસવા ખાસ કિશનપુર મોકલ્યા. એમણે જોયું કે માની સ્થિતિ ઘણી જ ગંભીર છે. એટલે પૂછ્યું : "માં, કંઈ કષ્ટ થાય છે ?"

માએ કહ્યું : "બિલકુલ નહીં.' આવી સ્થિતિમાં શરીરમાં કેવું કષ્ટ થતું હોય તે ડૉક્ટર શેઠ જાણતા હતા. પણ મા તો શરીરમાં ચાલતી સઘળી ક્રિયાઓને સાક્ષીભાવે જ નિહાળતાં હતાં.

શરીરના કષ્ટની એમની ચેતના પર કોઈ અસર પણ પડતી નહોતી.

તેઓ તો પોતાના મહાભાવમાં જ ડૂબેલાં હતાં.

નિષ્ણાત ડૉક્ટર પણ આવા દરદીને શું કહી શકે ? ને શું કરી શકે ?

છતાં પણ વિદાય લેતી વખતે માને પ્રણામ કરીને કહ્યું :

"મા, આપના શરીરનો 'ખ્યાલ' રાખજો.'

ઉત્તરમાં માએ કહ્યું : "પરમાનંદને સંભાળજો." પોતાનો સમર્પિત શિષ્ય પુત્ર, માના આશ્રમનો આધારસ્તંભ, એવા સ્વામી પરમાનંદની માને ચિંતા હતી કે તેમની તબિયતનું ધ્યાન રાખવાનું છે. જો તેઓ સ્વસ્થ હશે તો માનાં સઘળાં કાર્યો મા જે રીતે દેહમાં રહીને કરી શકતાં હતાં તે હવે પછી પણ એ જ રીતે થતાં રહેશે.

આથી માએ પરમાનંદની તબિયત જાળવવાની ભલામણ કોઈને ય નહીં પણ ડૉ. શેઠને કરી નિશ્ચિંત બની ગયાં. બાકી માએ ન તો આશ્રમોની વ્યવસ્થા કરવા અંગે કોઈને ભલામણ કરી, ન કાશીના કન્યાવિદ્યાલયના સંચાલન વિશે કંઈ સૂચનાઓ આપી.

કોઈ પણ બાબત વિશે માએ કંઈ જ કહ્યું નહીં.

બસ જાણે મા બધાંથી નિર્લેપ બની ગયાં હતાં !

માના સ્વાસ્થ્ય માટે આશ્રમમાં હવે અખંડ જપ ચાલુ કરાયા.

કેટલાંય સ્થળોએ અનુષ્ઠાનો પણ શરૂ કરાયાં. કિશનપુર આશ્રમમાં જ નહીં, કનખલ, વારાણસી, વિંધ્યાચળ, અરે છેક મદ્રાસ સુધી શતચંડી, મહારુદ્રાભિષેક અને મૃત્યુંજયનાં અનુષ્ઠાનો આરંભાયાં. પણ માના નિર્ણય આગળ હવે કોઈનું કશું જ ચાલ્યું નહીં. માએ દેહત્યાગનો નિશ્ચલ નિર્ણય કરી જ લીધો હતો. તેમાંથી કોઈ ફેરવી શકે તેમ ન હતું. વરસો પહેલાં પોતાના શરીરત્યાગની વાત કરતાં ગુરુપ્રિયા દીદીને કહ્યું હતું : "અંત સમયે આ શરીર સાધારણ મનુષ્યની માફક છૂટી જશે."

મા કોઈ ચમત્કારિક રીતે શરીર છોડવા માગતાં નહોતાં. પણ દેહના ગુણધર્મ પ્રમાણે મનુષ્યનું શરીર જે રીતે કાળધર્મ પામે તે ક્રમશઃ વધુ ને વધુ ક્ષીણ થવા લાગ્યું હતું. માનું શરીર અન્ય શરીર જેવું જ હવે સામાન્ય બની રહ્યું. શરીરમાંથી દિવ્ય ભાવ પાછો ખેંચી લીધો હતો.

શરીરને સ્વાભાવિક પ્રક્રિયા પર છોડી દીધું.

હૃષીકેશ શિવાનંદ આશ્રમના સ્વામી કૃષ્ણાનંદજી માનાં દર્શને આવ્યાં. રાધાષ્ટમીને દિવસે રાધારૂપે માની પૂજા કરવાની એમને ભાવના જાગી. પણ રાધાષ્ટમી ૨૬મી ઑગસ્ટે (ત્રણ દિવસ પછી) આવતી હતી. અંતરમાંથી એવી પ્રેરણા થઈ કે રાધાષ્ટમીને દિવસે નહીં પણ પંચમીને દિવસે રાધારૂપે માની પૂજા કરવી. તેમ જ કર્યું.

માને કિંમતી બનારસી સાડી અર્પણ કરી.

ટોપલી ભરીને ફળો અર્પણ કર્યાં ને માની આરતી ઉતારી.



આ હતી માની અંતિમ પૂજા, તે પણ સ્વામી શિવાનંદજીના શિષ્યપુત્ર કૃષ્ણાનંદજી દ્વારા કરાયેલી. કૃષ્ણાનંદજીને માના આશીર્વાદ મળ્યા.

આ પૂજાનો પ્રસંગ એમના જીવનનો અવિસ્મરણીય પ્રસંગ બની રહ્યો. પરમાત્માની પ્રેમ અને આનંદની શક્તિ તે રાધા.

માએ જીવનપર્યંત આ શક્તિને જ સર્વત્ર વહાવી હતી.

લોકોમાં આ શક્તિને જગાડી હતી.

મા પોતે જ પ્રેમ, આનંદ ને જ્ઞાનરૂપ હતાં. તેથી તેમની અંતિમ પૂજા પણ એ સ્વરૂપે જ થઈ ! માનાં દર્શન કરીને કૃષ્ણાનંદજી બહાર નીકળ્યા ત્યારે એવું લાગ્યું કે હવે પછી મા આ દેહમાં જોવા નહીં મળે. તેઓ વારંવાર ફરી ફરીને માનાં દર્શન કરતા રહ્યા.

પછી ભારે હૈયે પોતાના આશ્રમમાં જવા નીકળ્યા.

૨૪મી ઑગસ્ટે માએ બધી સેવિકાઓને કહ્યું :

"જેઓ જ્યાં છે ત્યાં બેસીને જપ કરે." એ પ્રમાણે બધાં જપ કરવા લાગ્યાં. માએ સ્વસ્થ થઈને દીદીની મહાસમાધિની પૂજા વિશે પૃચ્છા કરી. માહિતી મેળવી. એ પછી પાછાં મૌનમાં ડૂબી ગયાં.

પચ્ચીસમીએ રાત્રે અચાનક જાગીને કહ્યું :

'ૐ નમો શિવાય.'

પછી બોલ્યા : 'બૃહસ્પતિ વાર.'

આટલું બોલીને પાછાં ગહન મૌનમાં ઊતરી ગયાં.

૨૬મી એ રાત્રે શ્વાસની તકલીફ વધી. આયુર્વેદિક ચિકિત્સકને બોલાવ્યાં. એમણે આખે શરીરે માલિશ કરવા કહ્યું.

એ પ્રમાણે કરતાં હાથ-પગમાં કંઈક ગરમી આવી.

૨૭મી તારીખે પણ માલિશ ચાલુ રખાયું.

૨૭મી તારીખે મા જાગ્યાં. બહુજ ધીમેથી 'નારાયણ હરિ' બોલ્યાં.

આ જ હતા અંતિમ શબ્દો. એ પછી એકે શબ્દ ઉચ્ચાર્યો નહિ.

બપોરે ફરી આંખો ખોલી. એક મિનિટ સ્થિર નેત્રે નીરખ્યા કર્યું.

પછી આંખો બંધ કરી પાછાં મૌનમાં ઊતરી ગયાં.

ફરી રાત્રે પોણાઆઠ વાગે આંખો ખોલી.

દૃષ્ટિને ઊર્ધ્વમાં સ્થિર કરી પ્રાણને મહાપ્રાણમાં ખેંચી લીધા ને શરીરના સ્થૂલ આવરણને પૃથ્વી ઉપર છોડી દીધું.

'અવ્યક્ત' તરફ જાગેલું ખેંચાણ 'અવ્યક્ત'માં લઈ ગયું.

તે આખી રાત કીર્તન ને ગીતાપાઠ ચાલુ રહ્યા.

દહેરાદૂનના સરકારી અધિકારીને ખબર પડતાં તુરત આવી ગયા.

તેમણે પ્રધાનમંત્રી અને અન્ય અધિકારીઓને સંદેશાઓ મોકલાવી દીધા. તે રાત્રે દિલ્હી દૂરદર્શન પર, આકાશવાણી પર, બી.બી.સી. પર માના દેહવિલયના સમાચાર પ્રસારિત કરાયા. દેશભરમાં વાયુવેગે સમાચાર પ્રસરી ગયા. માના અંતિમ દર્શન માટે જે વાહન મળ્યું તેમાં માના ભક્તો હરદ્વાર આવવા નીકળી પડ્યા. પ્રધાનમંત્રી ઇંદિરા ગાંધી ત્યારે વિદેશના પ્રવાસે ગયા હતાં. આ સમાચાર તેમને ત્યાં મળતાં તાત્કાલિક નવી દિલ્હી આવી પહોંચ્યા. તેમણે માના દેહને દેહરાદૂનથી હેલિકોપ્ટર દ્વારા કનખલ આશ્રમમાં લાવવાની વ્યવસ્થા કરાવી આપવા કહ્યું ને પોતે માની અંતિમ યાત્રામાં આવી પહોંચશે એવો સંદેશો મોકલાવ્યો.

માના ભક્તો અને સેવકોને માના દેહને હેલિકોપ્ટર દ્વારા કનખલ લઈ જવાનું યોગ્ય ન લાગ્યું. પછી પોલિસ વિભાગની સજાવેલી ગાડીમાં માના શરીરને કનખલ લઈ જવાનું નક્કી કરાયું.

દેહને રેશમી સાડીથી સજાવાયો.

જાણે ઊંડી સમાધિમાં મા લીન હોય તેવું જ બધાંને જણાતું હતું.

મુખ ઉપર અપૂર્વ આભા ઝળકી રહી હતી.

જાણે મા નાની બાળકી બની ગયાં હોય એવું દિવ્ય મુખ જણાતું હતું.

અંતિમ દર્શનાર્થે દહેરાદૂનમાં પણ અસંખ્ય લોકો ઊમટી પડ્યા હતા. અશ્રુભરી આંખે પ્રણામ કરી બધાં ભાવભરી શ્રદ્ધાંજલિ પુષ્પરૂપે અર્પણ કરી રહ્યાં હતાં. પછી ફૂલોથી સજાવેલી પોલીસની ગાડીમાં દેહને સુવડાવવામાં આવ્યો. સમગ્ર જીવનભર મા સાથે જે દેહ લોકોને ભાગવત ચેતના પ્રત્યે જગાડવા માટે ઘૂમતો રહ્યો હતો એ દેહ હવે મા વગર નિશ્ચેત બનીને ફૂલોથી સજાવેલી પથારીમાં પોઢીને એકલો જ અંતિમ સ્થાને પ્રવાસ કરી રહ્યો હતો. હવે ફક્ત દેહ જ હતો. એને ધારનાર મા તો હવે અનંત દિવ્ય સ્વરૂપમાં સર્વવ્યાપી બની ગયાં હતાં.

ભલે એ દેહમાં અત્યારે મા નહોતાં. પણ જે દેહે માને ધારણ કર્યાં હતાં તે દ્વારા માએ પરમાત્માનું કાર્ય કર્યું હતું. એ દેહ હવે સ્થૂલ રૂપે લગભગ બે વાગે કનખલ આશ્રમમાં આવી પહોંચ્યો. વિદેશમાંથી પણ ભક્ત-જનો આવવા લાગ્યા હતા. લગભગ સવા વાગે પ્રધાનમંત્રી ઇંદિરાજી, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી, રાષ્ટ્રપતિના એ.ડી.સી. અને અન્ય ઉચ્ચ અધિકારીઓ આવી પહોંચ્યા. ઇંદિરાજીએ શ્રદ્ધાભક્તિના પ્રતીક સમી લાલ ગુલાબોની માળા માને આંસુભરી આંખે અર્પણ કરી.



અન્ય મહાનુભાવોએ પણ પુષ્પમાળાઓ અર્પણ કરી.

પછી અખાડાઓના મહાત્માઓની ઇચ્છાથી, માના દેહને સૂતેલી સ્થિતિમાં નહીં, પણ બેઠેલી સ્થિતિમાં ગોઠવ્યો, જેથી શાસ્ત્રોક્ત રીતે તેને સમાધિસ્થ કરી શકાય.

એ દિવ્ય દેહને નવા બનાવેલાં કાષ્ટસિંહાસન પર પધરાવ્યો.

માના ડાબા પગને જમણાં પગ પર વાળીને રખાયો.

માની આ અંતિમ મુદ્રા પ્રભાસમાં ભગવાન શ્રીકૃષ્ણની અંતિમ મુદ્રા જેવી જ જણાતી હતી. માના દેહમાંથી પ્રાણ નીકળી ગયા તેને લગભગ ૨૨ કલાક થયા હતા, છતાં એવો ને એવો જ મુલાયમ અને લચીલો હતો. એમાં અક્કડતા કે ભારેપણું આવ્યાં ન હતાં. માની અપૂર્વ સાધનાથી વિભૂષિત થયેલો એ પવિત્ર દેહ, માના ચાલ્યા જવા છતાં, એવો જ નિર્વિકાર રહ્યો હતો.

તેટલે જ તેને યોગમુદ્રામાં બેસાડી શકાયો.

એ જોઈને મહાત્માઓ પણ આશ્ચર્ય પામ્યા.

પંચામૃત અને ગંગાજળથી સ્નાન કરાવી નવાં વસ્રો પહેરાવી દેહને એવી સુંદર રીતે આસનસ્થ કરાયેલો જોઈને મા પણ જરૂર પ્રસન્ન થયાં હશે. પહોળી લાલ કિનારની રેશમી સાડી, ગળામાં તુલસીમાળા, હાથમાં શ્વેત કંગન ને મસ્તક પર ખુલ્લા કાળા કેશ – મુખ પર અપૂર્વ આભા. વરસો પહેલાં ક્ષિતિમોહન બાબુએ માનું સ્વરૂપ જોઈને 'દેવી દુર્ગા' કહી માને ઉદ્‌બોધ્યાં હતાં એ સ્વરૂપ જાણે અહીં ઊંડી સમાધિમાં લીન થઈ ગયું હોય એવું જણાતું હતું. મૃત્યુનું તો અહીં નામનિશાન નહોતું. માએ પોતે જ કહ્યું હતું : ન ચ મે જન્મ, ન ચ મે મૃત્યુ; એટલે કે મારો જન્મ પણ નથી અને મારું મૃત્યુ પણ નથી. લોકકલ્યાણ અર્થે દેહ ધારણ કર્યો હતો અને હવે એ દેહ છોડી દીધો હતો. એટલી જ એ સહજ ક્રિયા હતી. એ મુખ પરનું તેજ અને શાંતિ એ આ સહજ ક્રિયાને પ્રગટ કરી રહ્યાં હતાં.

માની પાલખીને ભજનધૂનના મંગલમય વાતાવરણની વચ્ચે સમાધિસ્થળે લઈ જવાઈ. ત્યાં શાસ્રોક્ત વિધિ પ્રમાણે પૂજા ને આરતી કરાયાં. માનું સમાધિસ્થળ આશ્રમની સાધુકુટિયાની બરાબર સામે, નવા આશ્રમના ઉદ્યાનમાં, વિશાળ વટવૃક્ષની નીચે પસંદ કરાયું હતું.

વેદમંત્રોચ્ચારથી સમગ્ર વાતાવરણ ગુંજી રહ્યું હતું.

પૂજા-આરતી પછી પણ માને અંગત જનોએ અંતિમ પ્રણામ કરી પુષ્પાંજલિ આપી. ઇંદિરાજીએ પણ આંસુભરી આંખે અંતિમ પ્રણામ કર્યાં. પછી ચાલી નીકળ્યા. પછી ત્યાં સમાધિપીઠમાં એ દિવ્ય દેહને પધરાવાયો અને સમાધિસ્થ કરવામાં આવ્યો.

આરસથી એ સમાધિને બંધ કરી દેવામાં આવી.

ભક્તોનો પ્રવાહ તો ચાલુ જ હતો. સર્વનાં હૃદયમાં અકથ્ય દુઃખ હતું ને આંસુ દ્વારા વ્યક્ત થઈ રહ્યું હતું. બધાંના હૃદયમાં ભાવો ઊમટી રહ્યાં હતા : આટલો બધો પ્રેમ આપનાર, આપણને ખબર પણ ન પડે તે રીતે જીવનમાં પરિવર્તન કરી સન્માર્ગે લઈ જનાર, માનાં દર્શન શું હવે ક્યારેય નહીં થાય ? કીર્તન દ્વારા હરિરસમાં તરબોળ કરી દેનાર એ મધુર અવાજ શું ક્યારેય નહીં સંભળાય ? હૃદયની ઊંડે ઊંડે ઉતરીને અંદર કશુંક હચમચાવી દેતી, કશુંક જગાડી દેતી એ દૃષ્ટિ શું હવે ક્યારેય જોવા નહીં મળે ? આનંદથી અસ્તિત્વને ભરી દેતી એ આનંદમયી આકૃતિ હવે આ આંખોને ક્યારેય દૃષ્ટિગોચર નહીં થાય ? દુઃખમાં શાતા આપનાર, મુશ્કેલીમાં માર્ગ ચીંધનાર, પતનમાં ઊંચે ઉઠાવીને પ્રેમથી ગળે વળગાડનાર અને મનુષ્યત્વને દેવત્વમાં પલટાવનાર મા તમે ક્યાં ચાલ્યા ગયાં ? તમે ક્યાં છો ? હવે અમે કોની પાસે જઈને અમારાં દુઃખ ઠાલવીશું ? અમે હવે ક્યાં ખાલી થઈશું ? હવે અમને પરમાત્માનો સીધેસીધો પ્રેમ અને આનંદ કોણ આપશે ?'

અનેક વ્યાકુળ હૃદયોમાંથી આક્રંદ સાથે આવા ભાવ ઊઠી રહ્યા હતા.

માનાં બાળકો બહાવરાં બની અહીંતહીં ફરી રહ્યાં હતાં. ત્યાં આશ્રમના પવિત્ર વાતાવરણના કણેકણમાંથી ધીમો મંજુલ સ્વર ઊઠી રહ્યો હતો : ''હું ક્યાં નથી ? હું ક્યારેય કોઈનાથી દૂર નથી ગઈ. જેવી પહેલાં હતી તેવી જ હમણાં પણ છું અને હવે પછીયે હોઈશ.''

માની આ વાણી માનાં સર્વ બાળકોને ખાતરી આપે છે કે, મા ક્યાંય દૂર ગયાં નથી; તેઓ આપણી સાથે જ છે. આપણી અંદર છે, બહાર છે; અત્ર, તત્ર, સર્વત્ર વ્યાપ્ત છે. ફક્ત હવે તેઓ દેહમાં નથી એટલે ભૌતિક આંખો દ્વારા જોઈ શકીશું નહીં. એ માટે અંતઃદૃષ્ટિ જાગૃત કરવી પડશે. માને પ્રાર્થના કરીએ કે આપણને એવી દિવ્ય દૃષ્ટિ આપે કે સમગ્ર વિશ્વમાં વ્યાપેલાં માને જોઈ શકીએ, અનુભવી શકીએ, અને તેમનામાં જ જીવન ધારણ કરી જીવનને દિવ્ય બનાવી શકીએ.

ૐ જય મા

